પ્રકાશક,

શ્રી જૈન મિત્રમંડળ.

મુ. માંડલ. (તા. વીરમગામ.)

ચરિત્રમાળા.

દોઢ આનો.

ગ્રંથાંક-૧૧.

ચરિત્રમાળા.

લેખક,

શ્રીમન્ મુનિ માણેક.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન મિત્રમંડળ સભા તરફથી

ભગવાનજી ગોબરભાઈ.

મુ. માંડલ, તા. વિરમગામ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

વિ. સં. ૨૪૩૮. અને ૧૯૧૨.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

કિંમત ૦-૧-૬.

અર્પણપત્રિકા.

રા. રા. ભોગીલાલ સાંકલચંદ.

વડનગર.

સ્વધર્મ નિષ્ઠબંધુ,

નજીકમાં રહેલ શ્રી તારંગાજી તીર્થના પ્રભાવેજ હોયની જાણે તેમ આપનું કુટુંબ સકળ ધર્મપરાયણ છે. આગળ વધીને પરમાર્થ પરાયણ પણ છે. આપના જ્યેષ્ઠ ભ્રાતાએ દિક્ષા લેઈ સ્વપર કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ આદર્યો છે. આપના નાના ભાઇ પણ વિદ્યાને સારૂં ઉત્તેજન આપે છે તેવીજ રીતે આપ પણ જૈન ધર્મના તત્વજ્ઞાનનો પ્રસાર કરો છો અને તેવાજ હેતુથી આપ અમારા આ પુસ્તકમાં પણ સહાય આપી છે. ટુંકામાં જેનું સર્વ કુટુંબ પોતાનું જીવન પરોપકાર વૃત્તિમાંજ સફળ માને છે એવા આપના જ્ઞાન પ્રચાસક ગુણથી આકર્ષાઈ આ લઘુ પુસ્તક આપને અર્પણ કરી કૃતાર્થ થઇએ છીએ.

અમો છીએ.

શ્રી જૈન મિત્રમંડળ યુવક વર્ગ.

માંડલ.

બે બોલ.

परोपकाराय सतां विभूतयः પરોપકારી સત્પુરૂષોના પ્રભાવેજ સૃષ્ટિનો વ્યવહાર છે. નિઃસ્વાર્થ પરોપકારી મહાત્માઓની બલિહારી છે. કહ્યું છે કે—

સવૈયા.

પરોપકારીની બલિહારી ગુણ તેના શી રીત ગવાય,
જેની છાયાના સેવનથી પળમાં તેહની તુલ્ય થવાય;
તરે અને તારે બીજાને એ શું છે કંઈ ઓછી વાત.
પર ઉપકારે પડે વિપત્તિ લેશ ન ધારે જેહ વિષાદ.

મન, વચન તથા કાયા એ ત્રિકરણ યોગની શુદ્ધિથી પરોપકાર સદ્‌ગુણ ઉત્કૃષ્ટતાથી જૈન સાધુ (ત્યાગી)ઓમાં છે. મુનિશ્રી માણેક મુનિની પણ એ સ્વાભાવિક પ્રકૃતિ પ્રસિદ્ધ છે. તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં બીજી સર્વ ખટપટને દૂરથીજ છાંડીને માત્ર બીજાઓને હિત થાય તેવો ઉપદેશ આપે છે, તેમજ પત્રોમાં પણ લેખદ્વારા સદ્‌બોધનો પ્રસાર કરે છે. આજ સુધીમાં આ મંડળે બહાર પાડેલાં પુસ્તકો પણ તેમનેજ આભારી છે. મુનિશ્રીનો આ ઉત્તમ પ્રયાસ સતતપણે ચાલુજ છે. આવા શ્રેષ્ઠ પ્રયાસમાં ચાલુ પ્રવર્તમાન છતાં પણ તેમને કિંચિત પણ માનેચ્છા નથી. મોહનલાલજીના શિષ્યવૃંદની આ ચરિત્રમાળા તેમણેજ લખી છે. કિન્તુ ઘણો આગ્રહ છતાં પણ તેમણે પોતાનું ચરિત્ર લેશ પણ લખ્યું નથી. આવા નિઃસ્વાર્થ પરોપકારી પુરૂષોના લખેલાં પુસ્તકોનો પ્રસાર કરવો એ ગૃહસ્થોનું આવશ્યક કર્તવ્ય છે. **किं बहुना.**

શ્રી જૈન મિત્રમંડળ.
માંડલ (તાલુકે વિરમગામ.)

જીવને શિખામણનું પદ.

તારે માથે ભમે છે કાળ, તને નિદ્રા કેમ આવે;
તારૂં ક્ષણ ક્ષણ ખુટે આયરે, શાંતિ કેમ થાવે.
તારો બેલી દેખે કોણરે, ભૂલી કાં ભરમાયે;
મોહી રહ્યો નારીની માંહે, આંખો ત્યાં અથડાયે.
મુખ ચુંબન માને સુખરે, બાળક દેખી હોંસે;
તારો સાથી ન દીસે એહ, દારાને જ્યારે જોશે.
કાં લક્ષ્મીમાં લલચાય, પાપોના ભારા ભરતો;
તને મૂકી જાશે એ દૂર, રહે તું હાય હાય કરતો.
મૂરખ ચેતી લે મનની માંહે, નથી એ નિશ્ચે તારૂં;
માણેક દે આ તમને શીખ, તજ સંસારે સુખ ખારૂં.

કરૂં કયાં જઈ હું પોકાર, અનાથ થઈ અથડાઉં;
કરી કરી અનર્થનાં કાર્ય, ઠોકરને ખાઉં.
મારી ઇંદ્રિ ચપળ રહી રોજ, ભોગને ચાહે;
કરવા જાતાં સ્વાદ બળે, દાવાનળ દાહે.
મને ગમે ન ધર્મનાં કાર્ય, સાચું હિત છે જેમાં;
વળી કુમતિ દૂર ન જાય, સર્વ દુઃખ છે એમાં.
રહી તૃષ્ણા તનની માંહે, શાંતિ નવ થાવે;
વળી પૂર્વ કર્મને કાજ, ક્રોધાદિ થાય.
કટુ વચન સાંભળી કેમ, સહ્યાં એ જાય;
મારી દોરી રહી તુજ હાથ, નાથ થા સાથી.
એ માણેકની અર્જ, ચિત્તવન હાથી.

જિનેશ્વરાય નમઃ

સહુ પ્રાણીને વિશ્વમાં સુખદાતા,
વળી વાણીથી આપતા પૂર્ણ શાતા;
ફરી દેશ વિદેશમાં દુઃખ કાપે,
થવા નિત્ય સુખી ચિત્તે જિન સ્થાપે. ૧

જેને ચાર અતિશયો જન્મથી છે,
અગીઆરે અતિશયો જ્ઞાનથી છે;
દેવે કીધા ઓગણીસને ઉર આણો,
ખરે તારકા વિશ્વમાં એહ જાણો. ૨

જેના પંચ કલ્યાણકે ઘોત થાવે,
જીવો નારકીના પણ સુખ પાવે;
જેના દર્શને ભવ્ય આનંદ પામી,
ચાહે નિત્ય ચિત્તે મળો એજ સ્વામી. ૩

થઇ સાધુ એના સદા ચર્ણ સેવે,
ફરી પૂર્ણ ઉપાસના જ્ઞાન લેવે;
થઇ યોગી ને ઘાતીઆં કર્મ કાપે,
પૂરૂં આયુ થાતાં શિવ સ્થાન સ્થાપે. ૪

ગયાં જન્મ ને મર્ણનાં દુઃખ જેથી,
રહે ભવ્ય પ્રાણી દૂરે કેમ એથી;
ધરી ચિત્ત શ્રદ્ધા એને નિત્ય ધારો,
ખરા સુખનો પામશો આપ લ્હાવો. ૫

વીતરાગ પ્રભુના અનુપમ ગુણો.

અનંતાકાળં સુધી આ અસાર સંસારમાં અનેક રૂપાંતરો ધારણ કરી આ જીવે અનંતા જન્મ મરણ કર્યા છે અને દરેક સમયે જન્મ અને મૃત્યુને પ્રાપ્ત થતાં અનંતા દુ:ખો વેઠયાં છે, અને બાળપણથી અંત અવસ્થા સુધી શરીરમાં રોગાદિકની વ્યાધી થવાથી તથા પુત્રાદિકના વિયોગથી કે સંપત્તિના અભાવે, સ્નેહીના મૃત્યુથી કે ધન કમાવા ખાતર સ્વ...ને છોડીને દેશદેશાવર ભટકી, સુખ દુ:ખ વેઠી જંગલ, રાન, દ્વેવ, સમુદ્રાદિ જગ્યાએ ભટકી રાત્ર દિવસ તેની ચિંતામાં રહીને તેવા ઘણા જીવો હાયપીટ કરવા છતાં પણ ખરા જ્ઞાનના અભાવે તેવા માણસો એ વિષય સુખને સાચું સુખ ગણી, તે લેવા તત્પર થઇ, અનેક અનર્થ કરી, નવાં નવાં કર્મ બાંધી, સુખનો અંશ મેળવવા જતાં અને અનંતા દુ:ખીના ચક્કરમાં પડી મેળવેલો ચિંતામણિ રત્ન સમાન મનુષ્ય જન્મ કિંકિણી કે કોડી સમાન વિષય સુખની વાંચ્છા માટે હારી જાય છે. તેવા ભદ્રિક પ્રાણીઓને વારંવાર જન્મ મર્ણનાં દુ:ખ વેઠી, આ અસાર સંસારમાં પરિભ્રમણ કરતા અટકાવી, નિરૂપદ્રવી, નિરૂપમ સુખ આપવા ઘણે કાળે એવા પ્રભાવિક પુરૂષનો જન્મ થાય છે કે પોતે સંયમ આદરીને તે સંયમ લીધા પછી છદ્મસ્થ અવસ્થામાં જે જે ઉપસર્ગ આવતા હોય તેને તે મેરૂપર્વતની માફક નિશ્ચળ થઇ ભોગવી લે છે. ત્યાર પછી જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તેજ પુરૂષ તે " પુરૂષોત્તમ " નામથી ઓળખાય છે. અને રાગદ્વેષાદિક કર્મ શત્રુઓને જીતવાથી " અરિહંત " કહેવાય છે અને તરવાનું સ્થાન જે તીર્થ તે સ્થાપન કરવાથી " તીર્થંકર " કહેવાય છે. ઐશ્વર્ય ધરાવતા દેવેંદ્ર નરેંદ્ર પણ જેના ચર્ણને

સેવે છે, તેથી " ભગવંત " કહેવાય છે. અને કેવળજ્ઞાનથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરી ધર્મની શરૂવાત કરતા હોવાથી " આદિકર " કહેવાય છે. પોતાની મેળે બોધ પામેલા હોવાથી " સ્વયંબુધ " કહેવાય છે. ઉત્પન્ન થએલા ક્રોધાદિક કષાયોનો જડમૂળથી ક્ષય કરેલા હોવાથી પુરૂષોને વિષે " સિંહ " સમાન ગણાયા છે અને પરિમિત હિતકારક સુગંધી વાક્યો ફેલાવવાથી પુરૂષોને વિષે " પુંડરીક કમળ " સમાન ગણાય છે. જેના એવા સુધા ને મુધા કરનારા વચનવડે સંસારમાં ભ્રમણ કરાવનારા વિષય સુખના વાંચ્છિત અને સ્ત્રી તથા દ્રવ્યાદિકને સંગ્રહી ગુર્વાદિકનાં નામ ધારી ભોળા જીવોને ભરમાવવા ભૂમિમાં ભટકતા જે કુવાદિઓ છે કે જેનું નામ સાંભળીને પોતાનો મદ દૂર કરી કાં તો ચૂપ થઇ જાય છે, અગર તેના ચરણ સેવીને શુદ્ધ ભાવનાથી તે જિનેંદ્રની વાણી સાંભળી સમ્યગ્ દૃષ્ટિ થઈ સર્વ વિરતી એટલે સાધુનાં વ્રત આદરે છે અગર ગૃહસ્થનાં દ્વાદશવ્રત આદરે છે. તેથી જિનેંદ્ર ભગવાનને પુરૂષોને વિષે " ગંધહસ્તી " ની ઉપમા અપાય છે. જેના સમાન ત્રણ લોકને વિષે પરમાર્થ દૃષ્ટિથી જોતાં કોઈ ઉત્તમ પુરૂષ ન દેખાવાથી " લોકોત્તમ " કહી બોલાવે છે. બાળ જીવોપર પણ તેનાં દુષ્કૃત્યો વિસારીને તેને સારે રસ્તે લાવવા પ્રયત્ન કરવા ઉપદેશ દેવાથી " લોકના નાથ " તરીકે ગણેલ છે. જેમનો ઉપદેશ ભવ્યજીવના હૃદયમાં પ્રવેશ થતાં પરિણામે હિતકારક થવાથી તેઓને " લોકોના હિતેચ્છુ " એટલે હિત કરનારા તરીકે માન્યા છે. આ લોકમાં મોહને વશ થઈ અજ્ઞાન અંધકારમાં ભટકતા જીવોને અંધકારમાંથી બહાર નીકળવા ઉપદેશરૂપી પ્રકાશ કરવાથી તથા ઉદ્ભવતા પશ્નોનો યથાર્થ પ્રત્યુતર કેવળજ્ઞાન વડે આપવાથી લોકને વિષે સૌથી " શ્રેષ્ટ દીપક " તરીકે માનેલ છે. સૂર્ય

ચંદ્રનો પ્રકાશ તો બહાર થાય છે. પરંતુ હૃદયનું અહીયાંજ અંધારૂં તોડનારા તો જિનેશ્વરોજ હોવાથી જેમને "પ્રબળ ઉદ્યોત કરનારો" વર્ણવે છે. સર્વ જીવોને અહિંસા પરમો-ધર્મનો ઉપદેશ દેવાથી વિરતિપદ પામીને સાધુઓ સર્વ જીવોને અભયદાન આપે છે માટે "અભયદાયક" એટલે પ્રાણી માત્રનો ભય દૂર કરનારા ગણાય છે. વળી ચર્મ ચક્ષુ જ્યાં ત્યાં ફરીને પોતાનો વિષયાદિક સ્વાદ લેતાં કુમાર્ગે દોરાવા પ્રયત્ન કરતાં પોતાનેજ નુકસાન કરનારો અનુભવ પરિણામેજ પામે છે તેથી તે ચક્ષુનો સદુપયોગ કરી સમિતિ પાળીને કે તેને અયોગ્ય સ્થળે જતાં અટકાવી ધ્યાન ધરીને ચક્ષુને સ્થિર કરવાનો ઉપદેશ આપ્યાથી તે "ચક્ષુદાતા" ગણાય છે. મોક્ષ માર્ગને મૂકી સંસારમાં ભ્રમણ કરવાનો કુમાર્ગ પકડી ચાલનારા ભોળા જીવોને સુમાર્ગ દીધાથી "માર્ગ દેખાડનારા" ગણેલા છે. તેમજ માતા, પિતા, બંધુ, મિત્ર વિગેરે સઘળાં સ્વાર્થનાંજ સગાં હોવાથી ધર્મતત્વ ઓળખાવી ખરૂં શરણ આપવાથી "શરણના દેનારા" માન્યા છે. સંશયોનું નિરાકરણ કરવાથી તથા પૂર્વ ભવનું કે ભવિષ્યનું કે પૂર્વ કાળનું યથાયોગ્ય તેનું વર્ણન કરવાથી, ખાતરી ભરેલા પૂરાવાથી, માણસોના મનનું સમાધાન થતાં, તેમના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા થવાથી તેમને સમકીત એટલે "બોધિના દેનારા" ગણેલા છે. દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખે તેને ધર્મ કહીએ. તેવા ધર્મને અનેક રીતે નયપ્રમાણ નિક્ષેપ હેતુવડે સિદ્ધ કરી હૃદયમાં સ્થાપન કરનારા તે હોવાથી "ધર્મના દાતા" ગણેલા છે. વળી ધર્મ ચાહક જીવોને સંસારની પરિભ્રમણતાનું દુઃખ યથાર્થ સમજાવ્યાથી ફરીને તેવા ઉત્તમ કાર્યથી ભ્રષ્ટ ન થતાં તેમાં સ્થિર થાય છે માટે તે વીતરાગ પ્રભુને "ધર્મોપદેશક" અને ધર્મ દેખાડનારા ગણ્યા છે. વળી કોઈ પણ જીવ તેવા ધર્મથી

વિમુખ ન રહે! તેટલા માટે કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય થવા છતાં પણ પરમાર્થવૃત્તિથી સર્વ ઠેકાણે વિચરી લોકોને દુઃખથી બચાવે છે. માટે " ધર્મના નાયક " ગણેલા છે.

ધર્મ પામીને પણ સંયમવ્રત પાળતાં અસહ્ય દુઃખ આવવાથી "કાયરતા" ઉત્પન્ન થતાં પૂર્વના આવા તરમ્ય સુખને યાદ કરી તેમાં જવા ચાહનારાને તેનાં સંસારનાં પૂર્વનાં દુઃખો યાદ કરાવી તેને ધર્મમાં સ્થિર કરવાથી " ધર્મના સારથી " તરીકે માન્યા છે. ચક્રવર્ત્તી રાજા પોતાના પ્રબળ સૈન્ય વડે પ્રજાનું રક્ષણ ચાર અંગવાળી સેના વડે ચારે દિશામાં કરે છે, તેમ જિનેશ્વર ભગવાન્ દાન, શીલ, તપ, ભાવ એ ચાર અંગવાળા ધર્મવડે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના અંગવાળું તીર્થ સ્થાપન કરી સર્વે જીવોને રક્ષણ આપે છે તેથી તે ધર્મ ચક્રવર્ત્તી કહેવાય છે કે જેમનું જ્ઞાનરૂપી ભાવચક્ર અને ઈંદ્રોએ આગળ કરેલું ધર્મચક્ર વિશ્વમાં તેમની સાથે ફરી ભવ્ય જીવોના હૃદયને શરણ આપી મનમાં થતી પીડાઓને શાંત કરે છે. જેને થએલું જ્ઞાન સંપૂર્ણ હોવાથી કોઇ પણ દિવસ અજ્ઞાનતાનો ઉદય થવાનો સંભવ નથી, તેમજ દર્શનાવર્ણીય કર્મનો કદી પણ ઉપદ્રવ ન થવાનો હોવાથી તે " અપ્રતિહત જ્ઞાન અને દર્શનના ધારનારા " ગણેલા છે. વળી જેમને હવે પછી શુદ્ધ આત્મ રમણતામાં કદી પણ વિઘ્ન આવવાનું નથી જેથી તેમની છદ્મસ્થ અવસ્થા જે અવિરતિ દૂષણને ઉત્પન્ન કરનારી નાશ થવાથી તેઓને "દૂર થએલી છદ્મસ્થ અવસ્થાવાળા" માનેલા છે. જેણે જન્મ મર્ણનાં ઉત્પાદક ઘાતીકર્મને જિત્યાથી " જિન " તરીકે ઓળખાયા છે અને બીજા ઇચ્છા કરનારાં મનુષ્યોને પણ તેવા જિતનારા કરવાથી " જાપક " માનેલા છે. તેજ પ્રમાણે સંસાર સાગરમાંથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રયી

નાવવડે તરી જવાથી "તરેલા" અને બીજાને તેવો ઉપદેશ આપી તારવાથી "તારક" તરીકે વિદ્વાનો જેને સ્તવે છે. પોતે શુદ્ધ તત્વને સમજવાથી "બુદ્ધ" અને બીજાને તેવો બોધ દેતા હોવાથી "બોધક" તરીકે મનાયલા છે. પોતે સંસાર પરિભ્રમણથી મુકાએલા અને બીજાને મુકાવનારા હોવાથી "મુક્ત" અને "મોચક" તરીકે જનોએ વર્ણવ્યા છે. વળી સર્વને જાણનારા–સર્વને દેખનારા હોવાથી "સર્વજ્ઞ અને સર્વદર્શી" તરીકે મનાયા છે.

વળી જેઓ નિરૂપમ સ્થાન જે "શિવ" નામથી ઓળખાય છે. અને જ્યાંથી પાછા ચલાયમાન થવાનું નથી માટે "અચળ" તથા જ્યાં પુદ્‌ગલાદિક શરીરના અભાવે ન થવાથી "અરૂગ" એટલે નિરોગી અને તે અવસ્થામાંથી સુખનો અંત ન હોવાથી "અનંત" તેમ ત્યાં કોઈ પણ વિઘ્ન કરનાર ન હોવાથી "અવ્યાબાધ" તેમ ત્યાંથી પાછા ગમન કરવાનો અભાવ હોવાથી "અપુનરાવૃત્તિ" અને સઘળા અર્થ ત્યાં સિદ્ધ થવાથી "ગતિ" એવા નામે ઓળખાતા સ્થાનને પામેલા છો. એવા જિનેશ્વરને નમસ્કાર થાઓ કે જેમણે સઘળા ભયોને જિતી લીધા છે. આવા નમુસ્થુણંમાં ગવાતા ગુણોથી અરિહંત પ્રભુ જગદ્વિખ્યાત છે. અને વિદ્વાન દેવો સ્વર્ગના સુખને પણ વિસારી રાત્ર દિવસ જેની સેવા કરતા ફરી તેમના જેવી વીતરાગ અવસ્થાનું સુખ પામવા પ્રાર્થના કરે છે જેમના પંચકલ્યાણકે મહોત્સવ કરે છે અને સામાન્ય મનુષ્યોથી તેમનું રૂપ, તેમનો સુંગંધીવાસ તથા બીજા ઉત્તમ ગુણો લોકોત્તરપણું તેમનું પ્રગટ કરવા છતાં પણ વિષય વાસનાથી ભ્રમણામાં પડેલા ભોળા પ્રાણીઓને જાગૃત કરવા, તેમના ઉપર શ્રદ્ધા રખાવવા અને ત્યાં આવવા આકર્ષણ કરવા ઓગણીસ અતિશય એટલે આશ્ચર્યકારક રિદ્ધિ તેમની આગળ દસ્યમાન કરે છે જેમાં મુખ્ય આઠ પ્રતિહારી છે તે.

अशोकवृक्ष सुर पुष्प वृष्टि
दिव्य ध्वनि श्चामर मासनं च
भामंडलं दुंदुभिरात पत्रं
सत्प्रातिहार्याणि जिनेश्वराणां.

જેના અશોક વૃક્ષને દેખવાથી ભવ્ય પ્રાણીઓના શોક દૂર થાય છે, અનાદિ કાળની દૂર્ગંધિને દૂર કરવા દેવતાઓની રચેલી ફુલને પીડા ન થાય તેવી પુષ્પવૃષ્ટિ થાય છે. સર્વેને પ્રભુની વાણી સંભળાય તેવો દેવતાએ સાદ પૂરવાથી દિવ્ય-ધ્વનિ થાય છે અને બંને બાજુએ ચામરો દેવાધિદેવપણું સૂચ-વીને દેવો વીંજે છે, રત્યમય સિંહાસન ઉપર ધર્મ નરેંદ્રપણું જેઓનું પ્રગટ કરાય છે. જેમનું અપૂર્વ તેજ બીજાને દર્શન કરતાં બાધા ન કરે માટે "જન" નું મંડળ પછવાડે દેવો રાખે છે. માટે હે ભવ્ય જીવો! તમે પ્રમાદ છોડી આ જિન-રાજનું શરણ લો એવું સૂચવતું દેવ વાજું ને દેવ દુંદુંભી નરીકે છે તે વાગતું–અવાજ કરતું નજરે પડે છે.

આવી રીતે રાજાઓ પણ વીતરાગ પ્રભુના આવાગમ-નની ખબર પડતાં પ્રજામાં ઢંઢેરો પીટાવી તેમની સમે પરિવાર સહિત વાંદવા આવે છે જેથી જેમની પર્ષદા બાર પ્રકારની ગણાય છે. જેમાં ચાર પ્રકારનાં દેવ, વ્યંતર, ભૂવન-પતિ, જ્યોતિષી અને વૈમાનિક અને તેમની દેવીઓ ચાર પ્રકારની એમ આઠ દૈવી પર્ષદા તથા ચાર માનુષી પર્ષદા જેમાં સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકાનો સમુદાય તે વંદન નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાનકે ઉપદેશ સાંભળવા બેસે છે. કેટલાક અમૃતમય દેશના શ્રવણ કરી પોતાના આત્માને સંતુષ્ટ પામે છે. ને કેટલાક ફરી જન્મ મળ્યો તેમ જાણે છે.

જિનરાજના દ્રવ્યભાવ પૂજનની જરૂર.

શાસ્ત્રમાં અંત્યારે જેમની વાણી ગણધર પ્રભુએ પુષ્પ-માળા માફક ગુંથેલી જોવાય છે અને જેની શાંત મુદ્રાવાળી મૂર્ત્તિ મંદિરોમાં સ્થાપન કરાય છે તેથી ગુરૂમુખે શ્રુતજ્ઞાન પ્રગટ થતાં શ્રદ્ધા થઇ. વીતરાગનું દ્રવ્ય ભાવપૂજન કરી ભવ્ય જીવો પોતાના આત્માને નિર્મળ કરે છે. તથા તેવું વીતરાગ પદ પામવા તેમની સામે વિનયથી બેસીને નમ્રતાથી પ્રાર્થના કરે છે તે ભાવપૂજન ગણાય છે. તેમ તેનું ધ્યાન કરવું, તેની આજ્ઞા પ્રમાણે યથાશક્તિ વર્ત્તન કરવું તે પણ ભાવપૂજનજ છે. પોતાની જીવ્હાને સફળ કરવા ચૈત્યવંદન, નમુથુણું, જંકિંચિ-પૂર્વક કહી પછી બે જાવંતિ કહી સ્તવન કહે છે પછી જય વીયરાય કહી અરિહંત ચેઇઆણું કહી એક નવકારનો કાયો-ત્સર્ગ કરી પારીને સ્તુતિ ગાય છે. આ ઉપરાંત આઠ સ્તુ-તિથી પણ દેવવંદન થાય છે. તેમ મહાન્ આચાર્ય કવિવરોએ ભક્તામર કલ્યાણમંદિર, વીતરાગ સ્તોત્ર વિગેરે રચીને તે જિનેશ્વરોના યથાર્થ ગુણ તેમાં ગાઈ પોતાના આત્માને સફળ માન્યો છે. આવા તીર્થંકર પ્રભુ જ્યારે વિચરતા ત્યારે પણ સેંકડો મંદિરોથી નગરીઓ દીપી રહેતી. તેમની ધ્વ-જાઓ આકાશમાં ફરતી રહી મોક્ષનું સ્થાન મેળવવા ચેષ્ટા કરી આવવા સૂચવતી.

જેના કલ્યાણ (કનક) કલશો કલ્યાણદાયક જિનેશ્વરને સૂચવના હતા. તો આજના કાળમાં જિનેશ્વરના અભાવે જિનેશ્વરનાં મંદિરોની તો ખાસ જરૂર હોવાથી ગામે ગામ કે શહેરે શહેર તેવાં કરોડો લાખો કે હજારોના ખર્ચે બંધાયલાં છે. પોતાના શહેરમાં નિવૃત્તિ થોડા કાળ સુધી ભવ્ય જીવો ત્રણ કાળ દર્શન કરે છે. ત્યારે વધારે દિવસોની નિવૃત્તિ લઈ

પરદેશમાં દહેરાં કે તીર્થ સ્થળે દર્શનાર્થે જાય છે. આ પ્રમાણે પહાડ ઉપર પણ નિવૃત્તિસ્થાન હોવાથી ધનવાન્ શ્રદ્ધાળુ શ્રાવકે કરોડો રૂપિયા ખરચી અસહ્ય સંકટ વિઘ્નો આવેલાંને દૂર કરી તેવાં પવિત્ર દેહરાં દેવના પ્રસાદ જેવાં બાંધેલાં નજરે પડે છે. તેવાં સિદ્ધાચળ, ગીરનાર, આબુ, અષ્ટાપદ, સમેતશિખર તથા રાજગૃહીના પહાડો ઉપર નજરે પડે છે. માંડવગઢ, ચિતોડ, તારંગા કે જ્યાં જ્યાં પહાડ ઉપર નિવૃત્તિવાળું સ્થાન દેખાયું ત્યાં સઘળે એવાં દહેરાં બંધાયલાં છે. ત્યાં જતાં પહાડની સ્વચ્છ શાંત હવા તથા વનસ્પતિનો ઘમઘમાટ કરતો સુગંધીવાસ, માણસોની ઓછી ગરબડ એ સઘળું ચિત્તને નિવૃત્તિ આપી જિનરાજની ભક્તિમાં વિશેષ દોરીને તેમના ગુણો પોતામાં લાવવા કારણભૂત થાય છે.

જ્યારે ચોરોનો વિશેષ ઉપદ્રવ હતો ત્યારે વિદેશના દેશના દર્શન કરવાં દુર્લભ હતાં. ત્યારે શ્રીમંતો રાજ્ય પાસેથી પરવાના તથા પહેરાવાળા હથીઆરબંધ સિપાઇઓ લેઇ સંઘવી તરીકે નામ ધરાવી આગેવાન ભાગ લેઈ હજારો જીવોને પ્રમાદમાંથી જાગ્રત કરી તેમને સાથે લેઇ તેવા તીર્થોની યાત્રાએ જતા. તેવા વખતે કેટલાંક શ્રાવકશ્રાવિકા સદ્ગુરૂઓ માફક તેમની સાથે પગે ચાલતા, ઇંદ્રિઓને કબજામાં રાખવા એકાશણું, આંબિલ આદિ તપશ્ચર્યા કરતા, સંસારના કીચડથી નીકળવા બ્રહ્મચર્ય પાળતા, ભવિષ્યમાં સાધુપણું આવવાના કારણરૂપ જમીનમાં સંથારો પાથરી સૂતા, સર્વે જીવોને અભયદાન આપવા તથા મન ચંચળતાને કબજામાં રાખવા સચિત્ત વસ્તુનો ત્યાગ કરતા તથા લોકોત્તર દેવગુરૂ ધર્મને પૂજનીય, વંદનીય, માનનીય, આદરણીય હોવાથી તેમાંજ પૂર્ણ શ્રદ્ધા રાખતા તેથી તે પાદચારી, એકલઆહારી, ભોંય સંથારી, બ્રહ્મચારી, સચિતના પરિહારી તથા શુદ્ધ સમ્યક્ત્વ ધારી ગણાતા. હાલ રેલવે થવાથી ગમે ત્યારે એકલા જઈ શકાય તેમ હોવાથી તેવા પાદચારી સંઘો પ્રથમ કરતાં ઓછા

નીકળે છે તોપણ સાધુ સાધ્વી પગે ચાલનારાં હોવાથી તેમની પ્રેરણાથી કે તેમના ઉપર બહુ ભક્તિભાવ ધરાવવાથી તેવા સંઘો હાલ નીકળે છે. તેવીજ રીતે સમેતશીખરજીનો સંઘ આગળ ગૃહસ્થવર્ગ હઠીભાઈના ઘરથી નીકળેલો સાંભળ્યો છે. તેમ શ્રાવકો પણ સાધુઓને સહાય આપી બંગાલા, મગધ વિગેરે જે આર્ય દેશો છે તેમાં શ્રાવકની વસ્તીના અભાવે કે કમપણાથી અનાર્યપ્રાયઃ થઈ પડ્યો છે તેના ઉદ્ધાર માટે તથા પવિત્ર તીર્થંકરોનાં પવિત્ર પગલાંથી પાવન થએલી કલ્યાણક ભૂમિના ક્ષેત્રને ફરશવા ઉદ્યમવંત મુનિરાજોને સાથે લેઇ શ્રાવક સમુદાય સાથે આવે છે તે પણ સંઘજ છે. આ દેશમાં સાધ્વીઓને આવવાનું ઘણું કઠણ છે. પુરૂષોથી પણ લાંબી મજલે અવાય તેવું હોવાથી સાધ્વીઓનો વિહાર આ દેશમાં થવો મુસ્કેલ છે. પણ જો સાધુઓ વારંવાર વિચરતા રહીને ગામેગામ જીવહિંસક લોકોને ધર્મી બનાવી ગોચરી આપવા યોગ્ય કરશે તો ભવિષ્યમાં તેવો સુધારો થવાથી વિહાર સાધુ સાધ્વીને સુગમ થતાં શ્રાવકને ઓછો શ્રમ થશે તથા સાધુ ભગવંતો પણ વારંવાર આવી તીર્થ વિગેરે સ્પર્શીને આત્માને સ્થિર કરી ખરૂં અધ્યાત્મ મેળવશે.

મુનિગુણ મહિમા.

મુનિઓ એ પંચપરમેષ્ટિનું પાંચમું અંગ છે તે અત્યારે અરિહંત તથા કેવળી ભગવંતોનો અભાવ હોવાથી બહુ ઉપયોગી થઈ પડે છે તેઓ નિસ્પૃહી રહી કોઇ પણ જાતની સંસારી ભોગા આકાંક્ષા રાખ્યા સિવાય ગૃહસ્થીના આપેલા આહાર ઉપરજ પોતાની કુક્ષિભ રીતે યથાયોગ્ય તપશ્ચર્યા કરી પોતાની ઇંદ્રીઓને કબજે રાખી ભવ્ય જીવોને જૈનાગમની વાણી સંભળાવી. શ્રાવકશ્રાવકા તથા અન્ય બંધુઓને ધર્મનું સ્વરૂપ સમજાવી તેઓને ખરા માર્ગે દોરે છે. તેમના

ઉત્તમ ગુણો સુગંધી પુષ્પની માફક બીજા જીવોને આકર્ષક થઈ પડે છે. તેવા પવિત્ર મુનિઓએ જ્યારથી દિક્ષા ગ્રહણ કરી છે ત્યારથી છકાયને અભયદાન આપ્યું છે. ચાર કષાયને જલાંજલિ આપી છે. પાંચ ઇંદ્રિઓને કબજે રાખી છે, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિને સાથે જોડી છે. જેને "પ્રવચનની માતા સમાન માની દશ પ્રકરનો યતિધર્મ સ્વિકારી, ક્ષમા, સરળતા, કોમળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, અંકિંચના બ્રહ્મચર્ય મનની પવિત્રતા સ્વિકારેલી છે. પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત સ્વિકારી તેને પાળવા સિંહ સમાન ઉદ્યમવંત થયા છે. એવા પવિત્ર મુનિઓ પોતાની માતાને રત્નગર્ભા તરીકે ગણાવી. પોતાના સાત કુલોની કીર્ત્તિને દીપાવનાર તરીકે ગણાયેલા છે. પિતા કરતાં પણ ધર્મ પિતાને અધિક ગણી સદ્‌ગુરૂની ચર્ણ સેવા રાત્ર દિવસ કરવા પોતાનું ચિત્ત લગાડયું છે. તેવા મહાન્ મુનિઓના દર્શનની, તેમના ચારિત્રની તેમનાં વિહાર સ્થળની ખબર જાણવા કયો ભવ્ય જીવ ઉત્સહવંત નહીં થાય ? તેટલા માટે આ લઘુ ગ્રંથ લખી જિનવરના કિંચિત્ ગુણો લખી આ લઘુ ગ્રંથને ભવ્ય જીવો માટે લખી આપેલ છે તેમાં ભૂલચૂક સુધારી વાંચવા ભલામણ છે.

નમું જિનને ચિત્તમાં શાંતિ થાવા,
ગતિ ચાર છોડી શિવસ્થાન જાવા;
થવા નષ્ટ અવિરતિ મોહ જે છે,
સહુ સગુણી દાસ માણેક કે છે.
નથી મુજમાં કાંઇ તો જ્ઞાનવૃદ્ધિ,
નથી ગુણની મુજમાં કાંઇ રિદ્ધિ;
મહાન્ પુરૂષોના કદી ગુણ ગાતા,
થશે સુખ મુને ગુણી આપ થાતાં.

પન્યાસશ્રી હર્ષમુનિ આદિ મહારાજનાં જીવન ચરિત્રો.

પુજ્યપાદ પરમોપકારી મુનિમહારાજ શ્રી મોહનલાલજીનો મુંબઇ પ્રત્યેનો સંબંધ.

મોહમયી (મુંબઈ) એ વેપારની ઉન્નતિએ પહોંચેલી અનુપમ નગરી છે. તેમાં અનેક દેશના વેપારાર્થે આવેલા જૈનોનો મોટો સમુદાય હમેશાં રહે છે. જેમાં મોટાં રમણીક જૈન દેવાલયો પાયધોની, મમાદેવી, માંડવી બંદર, ભાત બજાર, ભાયખલે, કોટ, વાલકેશ્વર, ચોપાટી વિગેરેમાં જયઘોષના ઘંટા નાદથી ગાજી રહ્યાં છે. તેવી પ્રભાવિક નગરીમાં વેપારનું સઘળું સાધન છતાં પણ ધર્મ પ્રકાશક સદ્‌ગુરૂની મોટી ખોટ હતી. ઘણા ઉત્તમ શ્રાવકોની ઘણા વખત સુધી એવી ઇચ્છા હતી કે કોઇ પણ રીતે આ અલબેલી નગરીમાં કોઇ પ્રભાવિક મુનિરાજ પધારે તો જૈનશાસનનો ઉદ્યોત જગતમાં થયા વિના રહે નહિ. એવા ઉત્તમ વિચારથી નરરત્ન સમાન ગણાતા વિજયાનંદ સૂરીશ્વરને પ્રથમ વિજ્ઞપ્તિ થઇ, પણ તેમણે પંજાબમાં અતિ ઉદ્યોત કર્યા છતાં પણ અનુકુળ સંજોગો ન હોવાથી વિશેષ લક્ષ આપ્યું નહિ, પણ તેમણેજ પ્રસંશેલા જગત્ વિખ્યાત મોહનલાલજી નામના પ્રખ્યાતી પામેલા મુનિવરશ્રીને મુંબઈના આગેવાન શ્રાવકોએ ફરીથી વિજ્ઞપ્તિ કરી. અને તે વખતે અનેક કષ્ટ તથા વિઘ્નો પગરસ્તાના માર્ગનો અભાવ હોવા છતાં શ્રાવક સમુદાયના પ્રબળ આગ્ર-

હથી તથા ભક્તિથી અને મહારાજશ્રીના મનમાં અતિ શાસનના પ્રભાવનો ભાવ ઉત્પન્ન થવાથી તેઓશ્રીએ આગેવાનોની વિજ્ઞપ્તિ સ્વીકારી.

સંવત ૧૯૪૬ માં તેઓશ્રીનું સુરતમાં જ્યારે ચાતુર્માસમાં વડે ચૌટે ચોમાસું થયું હતું તે વખતે પાટણવાળા બાબુશ્રી પન્નાલાલ પૂર્ણચંદની પ્રથમ વિજ્ઞપ્તિ થઈ. ત્યાર પછી દમણ તરફ માહા માસમાં ગુરૂ મહારાજશ્રી પન્યાસ જશ મુનિજી કાંતિ મુનિજી, પન્યાસ હર્ષ મુનિજી, ઉદ્યોત મુનિજી, દયાળ મુનિજી, દેવમુનિજી. એમ છ શિષ્યો સાથે પધાર્યા. ત્યારે બગવાડામાં નવલચંદ ઉદેચંદ, નગીનદાસ કપુરચંદ અને પાનાચંદ તારાચંદ વિગેરે શ્રાવકોએ ત્યાં આવી મુંબઈ પધારવા વિજ્ઞપ્તિ કરી. મહારાજશ્રીએ તેમનું મન સંતોષ થાય તેવો જવાબ આપવાથી તેમને અતિશય પ્રમોદ થયો. અને મુંબઈના સકળસંઘને તે વાત જાહેર કરી.

આ વખતે મુંબઇમાં સંઘપતિ તરીકે પ્રખ્યાત થએલા શ્રેષ્ઠીવર્ય મોતીશાહ શેઠના કુટુંબીઓ હતા, તેમજ વીરચંદભાઇ દીપચંદભાઇ કે જેઓશ્રી મોરારજી મીલ તથા સોલાપુર મીલમાં કાર્યવાહક તથા સલાહકારક હતા તથા તલકચંદ શાપુરજી નામથી ચાલતી ઓફીસમાં શેઠ શાપુરજીના કાર્યવાહક શેઠ તલકચંદ માણેકચંદ જેઓશ્રી ધાર્મિક તથા વહેવારીક કાર્યોમાં કુશળ હતા. તેવા બીજા પણ નામાંકિત શ્રાવકોએ તે કાર્ય માટે મુંબઈમાં પાયધોની પર આવેલા શાંતિનાથના મંદિરના ઉપાશ્રયમાં સંઘ એકઠો કર્યો. તેમાં બાબુ પન્નાલાલ પુર્ણચંદજીના પ્રમુખપણા નીચે સભા ભરી સકળ સંઘની રજા મેળવી, તે મુનિરાજશ્રીને મુંબઇમાં લાવવા માટે સઘળી તજવીજ કરી તથા રેલવેના માર્ગે પુલ વિના અવાય તેવું ન હોવાથી રેલવે કંપનીની પણ રજા મેળવી અને મહારાજશ્રીનું આવાગમન જાણી ઘણાક શ્રાવક શ્રાવિકાઓ

સામે ગયાં. તેમાં કાર્યવાહક તરીકે પાટણવાળા શેઠ ચુનીલાલ બુલાખીદાસ હતા. તેમ અમદાવાદવાળા શેઠ છગનલાલ સવચંદ તથાં સુરતવાળા પાનાચંદ તારાચંદ સહકુટુંબ સહીત હતા. અને તેઓશ્રી જ્યારે અગાશીએ આવ્યા ત્યારે શ્રાવકોનો સમુદાય આસરે પાંચસો ઉપરનો હતો. ત્યાં આઠેક દિવસ રહી જૈનશાસનનો ઉદ્યોત કરવા સારૂ ઉપદેશ આપ્યો ત્યાં હજારો શ્રાવક શ્રાવિકાઓ દર્શનાર્થે આવવા લાગ્યા, જેથી સ્વામીવાતસ્લ્ય, પૂજાઓ તથા પ્રભાવનાદિક થતાં હતાં. ત્યાંથી મહા સુદ છઠે વિહારી કરી ભાયખળે આવ્યા. તે વખતે શ્રાવકોનો ઉત્સાહ હદપાર વધ્યો હતો અને ઘેરેઘેર મહારાજશ્રીના સામૈયાનીજ વાતો ચાલતી હતી. તે દિવસે સર્વે જૈન વેપારીઓએ વેપાર ધંધો તથા બીજું કાર્ય છોડી ફક્ત મહારાજશ્રીની વિશેષ ભક્તિ કેમ થાય અને જૈનશાસનનો ઉદ્યોત કેમ વધે તથા તે શુભ કાર્યમાં અમારી લક્ષ્મીનો સદુપયોગ કેમ થાય એવી ભાવના થવાથી જેવી રીતે શહેનશાહની ભક્તિ રાજ્યભક્ત પ્રજા કરે છે તેવીજ રીતે મુંબઈ શહેરના ચૌટાઓ ધ્વજા પતાકાથી શણગાર્યા હતા. ઝવેરી, કાપડીઆ, ચોકસી, વગેરે જૈન બંધુઓએ ધ્વજા પતાકાથી દુકાનો શણગારી હતી. કેટલાક સામે ગયા, કેટલાક વરઘોડાની તજવીજમાં રહ્યા, કેટલાક બેન્ડવાજાંની ધામધુમમાં રહ્યા, કેટલાક સરખી રીતે ચાલવા બંદોબસ્ત કરવા લાગ્યા, કેટલાક અતિ ઉત્સાહમાં આવી અનેક પ્રકારનાં તોરણો લગાવા મંડયા. સાંપ્રતકાળમાં આ દિવસ જૈનશાસનનો પરમ ઉદ્યોત સૂચવતો હતો. જેને જોઇને અન્ય દર્શનીઓ પણ જૈનધર્મના ઉદ્યોતને નીરખી તેની અનુમોદના કરતા હતા. આ પ્રમાણે ભાયખલામાંથી વરઘોડો નીકળી બે ટાંકી, ડંકનરોડ અને ગુલાલવાડી આગળ આવી ત્યાંથી તાંબાકાંટા,

ઝવેરીબજાર, હનુમાનગલી આગળ થઇ કાળકાદેવીના રસ્તેથી ઝવેરી બજાર ફરી ભૂલેશ્વરના રસ્તે લાલબાગમાં પધાર્યા.

આ વખતે લાલબાગ એક નાની તબેલા સરખી છાપરાં વાળી જગ્યા હતી. આ જગ્યા શેઠ મોતીશાહે ઓશવાળની ન્નાતિને અર્પણ કરેલી છે. તેમાં શ્રીસંઘે મુનિમહારાજશ્રીને સૂર્યના પૂર્ણ ઉદ્યોતમાં પધરાવ્યા. અને તેથી જૈનશાસનનો પૂર્ણ ઉદ્યોત તેઓશ્રીના આવાગમની થયો. અને તેઓશ્રીની પર્યુપાસનાથી શ્રાવકોને અઢળક દ્રવ્ય પ્રાપ્ત થયું. તેઓએ ગુરૂ-ભક્તિ નિમિત્તે લાખો રૂપિયા મુંબઈ તથા દેશાવરમાં જૈન તથા અન્યના કલ્યાણાર્થે વપરાયાથી શ્રાવકોની અમરે કીર્તિ થઇ અને મુનિમહારાજશ્રીને પણ મુબઇમા શિષ્ય સમુદાયનો મોટો લાભ થયો.

તેઓશ્રીએ અત્રે પહેલીજ વખતે એટલે સં. ૧૯૪૮ ના માગશર સુદ ૫ રવિવારે બંને શિષ્યને દિક્ષા આપી. જેમનાં નામ હેમમુનિજી તથા સુમતિ મુનિજી પાડયાં. જો કે સકળ સંઘે ખર્ચ આપવાની ઇચ્છા જણાવ્યા છતાં પણ વધારે ઉત્સાહમાં આવી ઝવેરી કેશરીચંદ લલ્લુભાઇ તથા નવલચંદ ઉદેચંદે વરઘોડાનો ખર્ચ આપ્યો હતો.

મુનિરાજોને સર્વત્ર સમાન દ્દષ્ટિ હોવાથી અતિ આગ્રહ છતાં પણ સંઘને સમજાવી મહારાજશ્રી સાથે આઠ શિષ્યો નીકળી સુરત આવ્યા. તે વખતે સુરતમાં મહારાજશ્રીના બે શિષ્ય રાજ્યમુનિજી તથા જશમુનિજીના શિષ્ય ગુણમુનિજી બીરાજેલા હતા. તે મળી સુરતમાં મહારાજશ્રી પાસે દશ સાધુઓ હતા. ત્યાં સં. ૧૯૪૮ નું ચાતુર્માસ કર્યું. શેઠ ધર્મ-ચંદ ઉદેચંદે પગ રસ્તે શ્રી શેત્રુંજ્ય તીર્થનો સંઘ કાઢયો. તે વખતે ગમાનમુનિજી પણ આવ્યા. અને ગામેગામથી સાધુ સાધ્વી મળતાં પચાસ માણસનો સમુદાય થયો હતો, ત્યાં

તીર્થે યાત્રા કરી સમુદાય સાથે બીજું ચોમાસું કર્યું. પ્રથમ થોડા સાધુ સાથે મહારાજશ્રીએ સં. ૧૯૪૫ માં ચોમાસું કરેલું હતું. પણ આં વખતનો દેખાવ તો અલૌકિક હતો. અને ચોમાસું બેસતા પહેલાં રિદ્ધિ મુનિજીને તથા ચોમાસું ઉતર્યા પછી છગન મુનિજી એ બન્ને જણને દિક્ષા આપી.

ત્યાંથી ગામેગામ વિહાર કરતા મુનિ મહારાજશ્રીએ ફરીથી સુરત ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી પાછા મુંબઇ આવ્યા. આ વખતે શ્રી સંઘના આગ્રહથી બે ચોમાસાં કર્યાં. શ્રી સંઘે લાલબાગના ઉપાશ્રયને યોગ્ય બનાવી દીધો હતો. જે હાલની સ્થિતિમાં છે. જેમાં વ્યાખ્યાનશાળા, સાધુને ઉતરવાની, ભણવા ગણવાની, તથા ગોચરીની સઘળી સવડ થઈ હતી, તેમાં હજારો રૂપિયાની સાધારણ વિગેરે ખાતામાં આવક થતી હોવાથી હિસાબી ખાતું પણ એક જગ્યાએ સ્થાપવામાં આવ્યું. તેમ મુનિ મહારાજશ્રીને બે શિષ્યોનો લાભ પણ થયો. જેમનાં નામ જયમુનિજી તથા નયમુનિજી રાખવામાં આવ્યાં. આ બંનેના વરઘોડા પણ ઘણાજ આડંબરથી કાઢવામાં આવ્યા હતા. તેમાં આગેવાનીનો ભાગ શેઠ તલકચંદ માણેકચંદ તથા સોભાગચંદ કપુરચંદે લીધો હતો.

ત્યાંથી મહારાજશ્રીએ વિહાર કરી અમદાવાદ ચોમાસું કર્યું. તે વીરના ઉપાશ્રયે થયું હતું. તેમાં આશરે દશ મુનિરાજો મહારાજશ્રી સાથે હતા. વિશેષ ઉદ્યોતક પ્રતાપમુનિ હતા. જેઓશ્રીને રતલામમાં દિક્ષા અપાઈ હતી. ચોમાસું થયા પછી પણ સંઘનો અત્યાગ્રહ હોવાથી મહારાજશ્રી શિષ્ય સમુદાય સાથે બહારની વાડી જે શેઠ હઠીસંગ કેસરીસંઘની છે, તેમાં રમણીક જૈન દેવાલય છે, તે પણ ઉક્ત શેઠેજ બંધાવેલું છે. તેમાં ધર્મશાળામાં રહ્યા હતા. આ વખતે અમદાવાદના સંઘનો ઉત્સાહ અત્યુત્તમ હતો. ગીરનાર તીર્થની

રચના થઈ હતી. વરઘોડા નીકળતા હતા, પૂજાઓ ભણાતી હતી તથા સ્વામી વાત્સલ્ય થયાં હતાં. પછી ત્યાંથી વિહાર કરી મેસાણે તથા પેથાપુર થઇ પાટણ ચોમાસું કર્યું. આ વખતે પાટણના સંઘમાં તડ પડયાં હતાં તે ઉક્ત મુનિશ્રીએ સંપ કરાવ્યો. અહીં કલ્યાણ મુનિજીને દિક્ષા આપવામાં આવી હતી. મહારાજશ્રીએ ચોમાસું પૂર્ણ થયે વિહાર કરી અમદાવાદ થઇ સુરત ગયા. ત્યાં તેમના ઉપદેશથીજ જીર્ણોદ્ધાર થયેલા કતાર ગામના મંદિરની પ્રતિષ્ટા કરી. અને ત્યાંજ તેઓશ્રીએ ત્રણ ચોમાસાં સં. ૧૯૫૫–૫૬–૫૭ નાં સાથે કર્યાં. ત્યાં રંગમુનિજીને દિક્ષા આપી. આ સમયે હર્ષમુનિજીને પન્યાસજીશ્રી જશમુનિજીએ સં. ૧૯૫૮ ના કારતક વદ ૨ ના દિવસે ગણી પદવી આપી.

ત્યાંથી મહારાજશ્રીએ વિહાર કરી પાછું મુંબઈ તરફ આવાગમન કર્યું. મહારાજશ્રીની આ વખતે ઉમર અતિશે વૃદ્ધ હતી. તેથી પાછળનાં સઘળાં ચોમાસાં મહારાજશ્રીનાં મુંબઇમાં થયાં હતાં. તેમાં પન્યાસજી શ્રી હર્ષમુનિજીને માધવ બાગમાં શ્રીસંઘે મોટા ઉત્સાહથી પન્યાસ પદવી આપી, તેમ ભક્તિ મુનિજીને સંવત ૧૯૫૮ ક્ષમામુનિજીને સં૦ ૧૯૫૮ માં, તથા ભક્તિ મુનિ, દર્શન મુનિ, મુનિ માણેક અને શુભ મુનિને મહારાજશ્રીએ સંવત ૧૯૬૦ માં મુંબઇમાં ઘણીજ ધામધુમથી દિક્ષા આપી હતી. ત્યાર પછી મહારાજશ્રીને પાલીતાણાના પવિત્ર તીર્થમાં પોતાનો સ્વર્ગવાસ થાય તેવી ઇચ્છા થવાથી મુંબઇના સંઘનો રહેવા અતિ આગ્રહ છતાં પણ નહિ રહેતાં–વિહાર કરી લથડતી દેહે સુરત આવ્યા. આ વખતે મહારાજશ્રીએ બીજા શિષ્યોને પણ ત્યાં બોલાવ્યા હતા. મહારાજશ્રી સાથે સત્તર સાધુનો સમુદાય હતો. તેમાંથી જશમુનિજી પન્યાસ તથા દેવમુનિજીનો

શિષ્યવર્ગ તથા કેટલાક સાધુ મહારાજશ્રીનાં દર્શન કરી વિહાર કરી ગયા હતા.

દેહ લથડવા છતાં પણ મહારાજશ્રીની અંતકાળની અવસ્થા જૈન શાસનના ઉદ્યોતની તથા અભ્યંતર આત્માની કલ્યાણ-વૃત્તિ તરફ હતી અને સર્વે જીવોનું કલ્યાણ ચાહતા, કરેલા અપરાધોને ખમાવતા સંવત ૧૯૬૩ ના બીજા ચૈત્ર વદ ૧૨ ના રોજ બપોરના બાર વાગે સમાધિમાં દેહ સ્થાપન કર્યો. આ વખતે મહારાજશ્રી પાસે પંન્યાસજીશ્રી હર્ષ મુનિજી, કાંતિ-મુનિજી, રિદ્ધિમુનિ, કલ્યાણમુનિ, પદ્મમુનિ, રંગમુનિ, ક્ષમા-મુનિ, દર્શનમુનિ વિગેરે મુનિરાજો હતા. તેમની સારણાવા-રણા ચોયણા પ્રતિ ચોયણાનં કામ પન્યાસજીશ્રી જે હાજર હતા તેમને યોગ્ય જાણી સોંપવામાં આવ્યું.

આ મહારાજશ્રી જો કે સ્થૂલ દેહે આ ફાની દુનિયામાંથી અદૃશ્ય થયા છે છતાં પણ તેમની હયાતીના સમયમાં થયેલાં કાર્યો મુંબઇમાં તેમજ અન્ય સ્થળે પાઠશાળા, બોર્ડીંગો, લાઇબ્રેરીઓ, નવાં જિન મંદિરો તથા કેટલાકનો જીર્ણોદ્ધાર થયો હતો, તેમ તેમના પ્રતિબોધેલા શિષ્યો પણ ગામોગામ વિચરી અનેક જીવોને પ્રતિબોધ કરી સાધુ શ્રાવકનાં વ્રત તથા સમ્યકત્વ ઉચરાવી અતિશય ઉપકાર કરે છે, તેમ શ્રા-વકો પણ પોતાને થયેલા સદ્બોધ વડે તથા મેળવેલા ધનનો સદુપયોગ કરવા અનેક ધર્મ કાર્યો કરી રહ્યા છે. જેના વર્ણન માટે અનેક ગ્રંથો લખાય પણ સ્થળ સંકોચને લીધે તેનો સારાંશ લેઈ મોહનચરિત્ર નામનો પૂર્વાર્ધ પં. શ્રી દામોદર શાસ્ત્રીએ સંસ્કૃત કાળબંધ રચ્યું છે અને ઉત્તરાર્ધ પંડિત શ્રી રમાપતિજીએ મુંબઇમાં બનાવ્યો હતો. જેની કીંમત જુજ રાખી દરેક જાહેર જગ્યાએ આપવામાં આવે છે તેમ તે પૂજ્યવર્ય ગુરૂની લાખો છબીઓ—ફોટાઆફો હિંદ તથા જર્મ-નીમાં છપાઈ લાખો માણસોને દર્શનાર્થે આપવામાં આવી છે.

મુંબઇમાં પન્નાલાલ હાઇસ્કુલ જૈનોની પરમ ઉન્નતિનું કારણ તેમની હૈયાતીમાંજ થઇ છે. અને ગોકળભાઇ મુળચંદ બોર્ડીંગ પાછળથી થઇ છે. સુરતમાં જ્ઞાન ભંડાર નગીનદાસ કપુરચંદે સ્થાપેલ છે, તેમ હીરાચંદ મોતીચંદે વીસ હજાર રૂપિયા આપી શ્રાવિકાશાળા સ્થાપી છે અને નાનાં ગામડાં તથા મોટાં શહેરોમાં નાની શાળાઓ અનેક સ્થપાઇ છે. તે સિવાય ગીરનાર, શેત્રુંજય, અષ્ટાપદ, સમેતશીખર આબુ વિગેરેની રચના તથા ઉજમણાં મુંબઇ તથા અન્ય સ્થળે થવાથી જૈન ધર્મનો ઘણો મહિમા વધ્યો છે. અને તે સમયમાં મહારાજશ્રીની સેવા કરતાં ધર્મ તથા ધન પ્રાપ્ત કરેલા વંથળીના પરમ પ્રભાવિક શ્રાવક દેવકરણ મૂળજીએ મહારાજશ્રીના નામથી લાઇબ્રેરી તથા સંસ્કૃત પાઠ-શાળા સ્થાપી મહારાજશ્રીનું નામ કાયમ રાખવા આગેવા-નીનો ભાગ લેઇ પન્યાસજીશ્રી હર્ષમુનિજીને પાછા મુંબઈ પધારવા વિજ્ઞપ્તિ કરી, તેથી પન્યાસજીશ્રીએ કમળમુનિ તથા કલ્યાણ મુનિજીને પ્રથમ મોકલી સં. ૧૯૬૫ ના જેઠ શુદ ૧૨ ના રોજ ૭ શિષ્યો સાથે પોતે પધાર્યા અને લગભગ પોણો લાખ રૂપિયાથી સકળ સંઘે તેમના તથા મર્હુમ મુનિવર્યશ્રી મોહનલાલજીના માનની ખાતર સંસ્કૃત પાઠશાળા તથા જૈન લાઇબ્રેરી સ્થાપી. આ કાર્ય થયા પછી પન્યાસજીને દેવકરણ શેઠે બીજાં પવિત્ર ધાર્મિક ક્રિયામાં નાણાં ખરચવાની ઇચ્છા જણાવ્યાથી મુનિરાજોને તથા શ્રાવક શ્રાવીકાને પગ રસ્તે સમ્મેત શીખર તીર્થે દર્શન કરવા ઘણી અગવડ જાણી તે કાર્ય કરવા સૂચવ્યું. તેથી તેમની ઇચ્છા પણ અનુમોદન રૂપ થઇ પડી અને પન્યાસજીશ્રીએ બીજા શિષ્ય સમુદાયને તે સંબંધી ખબર મોકલી, તેથી માણેક મુનિશ્રી ઘાટ કુપરથી માગશર શુદ ૫ મે વિહાર કરી છોટી બેલાપુર થઈ યેવલા આવ્યા. ત્યાં મુંબઇથી નીકળેલા ભક્તિમુનિ, ક્ષમા મુનિ, ક્ષાંતિમુનિ, વિનયમુનિ જેને મુંબઈ વડી દીક્ષા અપાઇ

હતી તે ચારે જણા નાશીક થઇને યેવલા આવેલા હતા. જેમાંના ક્ષાંતિમુનિજીને પન્યાસજીએ પાલીતાણામાં સં.૧૯૬૫માં માગશર સુદ ૧૦ મે દિક્ષા આપી હતી, અત્રે યેવલામાં પન્યાસજી ફાગણ શુદ ૧૨ ને દીવસે દયાળમુનિજી તથા રંગમુનિજી સાથે આવ્યા. ત્યાંથી વિહાર કરી ખાનગામ આવતાં કર્પુરવિજય જે હેમમુનિજી સાથે પ્રથમથી મળ્યા હતા તેમનો સમાગમ થયો. ત્યાંથી વિહાર કરી દશ મુનિરાજો તથા શ્રાવક શ્રાવિકાઓ અંતરીક્ષજી ચૈત્ર સુદ ૧૪ આવી તીર્થયાત્રા કરી ત્યાં શેઠ દેવકરણ મૂળજી પોતાના સહકુટુંબ મિત્રમંડળ સાથે દેવગુરૂનાં દર્શન કરી મુંબઇ તરફ ગયા, ત્યારે મુનિવર્ગ જુદે જુદે સ્થળે વિહારાર્થે સિધાવી ચોમાસાં કર્યા.

બાલાપુરમાં રક્ષામુનિ, ક્ષમામુનિ તથા વિનયમુનિ હતા. આકોલામાં પન્યાસજીશ્રી હેમમુનિજી, દયાળમુનિ, ક્ષાંતિમુનિ હતા અને ઉમરાવતીમાં ભક્તિમુનિ, માણેકમુનિ, તથા કર્પુરવિજય હતા. તે વખતે શીરપુરમાં જયમુનિજી પ્રતાપમુનિ સાથે હતા તે તથા જળગામમા પદ્મમુનિજી કનકમુનિ સાથે ચોમાસું રહ્યા હતા. તે પદ્મમુનિ કનકમુનિ સાથે વીહાર કરી આકોલામાં ભેગા થયા અને કારતક વદ ૧૨ ને દિવસે તે સઘળા મુનિરાજોએ ઉમરાવતી તરફ વીહાર કર્યો પન્યાસજીશ્રી માગશર શુદ ૪ થે પધાર્યા અને જયમુનિજી પ્રતાપમુનિ સાથે માગશર સુદ ૧૦ મે આવ્યા. આ વખતે ચૌદ મુનિરાજોનું મંડળ ઉમરાવતીને દીપાવતું હતું.

મારા પરમ પૂજ્ય ગુરૂવર્ય પન્યાસજીશ્રી હર્ષમુનિજીશ્રીનો મારા ઉપર પરમ ઉપકાર છે જેથી તેમનું કેટલુંક વર્ણન ખાસ લખવા યોગ્ય જાણી અત્રે લખું છું.

પન્યાસ શ્રી હર્ષમુનિજી.

પન્યાસજીનું મૂળ નામ હરખચંદ હતું. તેઓશ્રી કચ્છ દેશના પાટનગર માંડવીના રહેવાસી હતા. જેમણે સંસારને અસાર જાણી યોગ્ય ગુરૂની શોધમાં ફરતાં જગતમાં વિખ્યાત થયેલા મુનિશ્રી મોહનલાલજીનો સમાગમ વરકાણા તીર્થમાં

ફાગણ વદ ૧૨ ના રોજ થયો. અને તેમની મનહર મુદ્રા જોઈ પરમગુરૂ ભાવ ઉત્પન્ન થતાં દિક્ષા લેવા ઇચ્છા જણાવી અને ગુરૂવર્યશ્રીએ પણ યોગ્ય જોઇ ખરેડીમાં સં. ૧૯૪૪ ના ચૈત્ર સુદ ૮ મે દિક્ષા આપી. ત્યાંથી પરમગુરૂ સાથે વિહાર કરતા અમદાવાદમાં આવી જશમુનિજી સાથે ચોમાસું કર્યું. ત્યાર પછી સઘળાં ચોમાસાં ગુરૂવર્ય સાથે કરી તેમની પર્યુપાસના કરી દર્શનજ્ઞાન ચારિત્રને બનતી શક્તિએ વંધારી આત્માનું કલ્યાણ કરવા સાથે અનેક જીવોને પણ તાર્યા હતા. જેમાં તેમના શિષ્ય સમુદાયમાં હાલ જયમુનિજી, પદ્મમુનિજી, રંગ-મુનિજી, ચતુરમુનિજી તથા માણેકમુનિજી છે. તેમ જયંમુનિજીને પ્રતાપમુનિ તથા પદ્મમુનિજીને, શુભમુનિ, હિતમુનિ, તથા કનકમુનિ, એમ ત્રણ શિષ્યો છે. તેમ મહારાજશ્રીના હાથથી જે જે શ્રેષ્ટ કાર્યો થયાં છે તેમાં મોટી સહાય તેમનીજ છે. તેમ જશમુનિજીને પન્યાસ પદવીના જોગ વહેવડાવવા અમદા-વાદમાં મોટી સહાય પન્યાસજીશ્રી દયાવિમળજી મુનિવર્યની સેવા કરી હતી. જે પોતાનેજ પરમોપકારી થઇ હતી. એટલે જશમુનિજી પન્યાસજીએ હર્ષમુનિજીને પન્યાસ પદવીના જોગ વહેવડાવ્યા છે.

મહારાજશ્રીના સ્વર્ગવાસ પછી પન્યાસજી શ્રી હર્ષમુનિજીએ પાલીતાણામાં ચોમાસું કરી ખાંતિમુનિજીને દિક્ષા સં. ૧૯૬૫ ના માગશર સુદ ૧ મે આપી, તથા કપડવંજવાળા શેઠ છગનલાલ શીવલાલે ઉપદેશ પામી પંચતીર્થી, હથણી, મહુવા, તલાજા, દાઠા, દેવલાની કરીને પાલીતાણે પાછા આવી ગીર-નાર તીર્થની યાત્રા કરી. પછી વેરાવળવાળા શેઠ ખુશાલ વીરજી ઉજમણા માટે વિજ્ઞપ્તિ કરી ગયેલા હોવાથી તેઓશ્રી વેરાવળ તરફ ગયા. ત્યાર પછી તેમની તરફથી દીવઉનાનો સંઘ નીકળેલો તેમાં જાત્રા કરી પાલીતાણે આવી સુરત થઇ મહારાજશ્રીના સ્મણાર્થે લાઇબ્રેરી વિગેરે સ્થાપવા મુંબઈમાં

આવી ઉપર લખેલાં કાર્ય કરી સમેતશીખરના સંઘ માટે સં. ૧૯૬૭ ના મહા સુદ ૧૦ મે નીકળી થાણા, શાહાપુર, નાશીક વિગેરેમાં ઉપદેશ આપતા હાલ પોતાની પવિત્ર વાણીવડે જૈન તથા અન્ય લોકનાં દુઃખ દરિદ્રને દૂર કરી પરમ સમાધિ આપે છે.

આ પન્યાસજીશ્રીના હાથથી પાલીતાણા, મુંબઇ, સુરત વિગેરેમાં ઉપધાન વહેવડાવ્યાં છે, તથા તેઓશ્રીએ પોતાના શિષ્યોને તથા અન્યના શિષ્યોને જોગ વહેવડાવ્યા છે; તથા અનેક સાધ્વીઓને દિક્ષા આપી છે તથા શ્રાવક શ્રાવિકાને વ્રત ઉચરાવ્યાં છે એમની એટલે સુધી ચારિત્રપર પરમશ્રદ્ધા છે કે સમેતશીખર જેવા લાંબા તીર્થે વિહાર ભવિષ્યમાં કરવાનો છતાં તથા પૂર્વે મોટો વિહાર કરી આકોલે આવ્યા, છતાં એક શ્રાવિકાએ તેમના હાથથીજ દિક્ષા લેવા ઇચ્છા જણાવ્યાથી ઉનાળામાં સખ્ત તાપમાં વિહાર કરી સુરત જઇ દિક્ષા આપી, પાછા આકોલે આવી ચોમાસું કર્યું હતું. અને સંઘને આકોલામાં પ્રતિબોધ કરતાં જૈનશાસનની ઉન્નતિનાં અનેક કાર્યો કરાવ્યાં હતાં. જેમનાં મુખ્ય દર્શનનાં ઉપકરણમાં ખામી હોવાથી ચાંદીની પાલખી ભારે રકમનાં જરીનાં ચંદ્રવા, પૂઠીઆં, અગ્દાગીરી, ઠવણી, ચાંદીનો રામણદીવો વિગેરે ઉપગરણો થયાં હતાં. સિવાય સમોસરણ પાવાપુરી તથા મેરૂપર્વતની રચના થઇ હતી. જેમાં મુખ્ય ભાગ ખર્ચમાં શેઠ વસનજી ત્રીકમજી જેને નામદાર સરકારે સર નાઇટનો ખીતાબ આપેલો છે. તેમના મુનિમ નેણશીભાઇએ આપ્યો હતો. આ ઉજમણા તથા મહોત્સવમાં પૂજાઓની રચના તથા વરઘોડાની વિશેષ શોભા હોવાથી આજુબાજુના તેમ દૂરના શ્રાવકો તથા અન્ય લોકો દર્શનાર્થે આવતા હતા. આકોલા એ વેપારનું સ્થળ અને અંતરીક્ષ તીર્થની તળેટી જેવું હોવાથી તથા સારા શ્રાવકોના ભાવથી ખરચાયલાં નાણાંથી ધર્મશાળા, વ્યાખ્યાનશાળા, બગીચો તથા જૈનમંદિર

રમણીક છે, તેથી તે તીર્થની ગણત્રીમાં આવી ગયેલું છે, આ પૂજય ગુરૂવર્ય ઉપર કેટલાકને ગાઢ ગુરૂપ્રેમ લાગી ગયો છે કે જેથી કેટલાક શ્રાવકો ઉમરાવતી સુધી વાંદવા આવતા હતા, ત્યારે કેટલાક ધામણગામ સુધી આવ્યા હતા. ત્યારે શેઠ ચુનીલાલ પુંજમલ તો ઉમરાવતી ધામણગામ, નાગપુર તથા રાયપુર સુધી આવેલા હતા તથા પોતાના વડીલબંધુ શીવલાલને ઠેઠ સુધી જવાની રજા આપી હતી. આવી રીતે જ્યાં જ્યાં આ પવિત્ર પુરૂષનાં પગલાં થયાં છે ત્યાં ત્યાં પન્યાસજી શ્રીનાં દર્શન કરી કેટલાક આનંદ પામી આત્માને કૃતાર્થ માને છે અને હર્ષોદ્‌ગાર નીકળે છે કે—

જ્ઞાની ગુરૂ મારા મન વસીયા, જે છે સજમ સુખના રસિયા;
જ્ઞાની ગુરૂ મારા મન વસીયા.

જ્ઞાની ગુરૂ દેશ વિદેશ વિચરે, ભવિજનને નિત્ય બોધ કરે;
લેઇ દિક્ષાને શિવરાણી વરે, જ્ઞાની ગુરૂ.

એવા હર્ષમુનિ મળીયા, જે તોડે કર્મ તણા દળીયા;
જેથી મોહ તણા મદ ગળીયા, જ્ઞાની ગુરૂ.

જન્મ જેણે કચ્છ દેશે લીધો, ઉદ્યોત વિશ્વ વિષે કીધો;
જેથી ભવિ જનનો ભય બાધો, જ્ઞાની ગુરૂ.

મોહન મુનિ ગુરૂ જે સ્થાપ્યા, ખરેડીમાં જેણે વ્રત આપ્યા;
દિક્ષા લઇ ભવિનાં દુઃખ કાપ્યા, જ્ઞાની ગુરૂ.

ગણીપદ સુરતમાં ધરતા, સંઘને નિત્ય આનંદ કરતા;
પછી મુંબાઇ નગરીમાં વીચરતા, જ્ઞાની ગુરૂ.

પન્યાસ પદવી ત્યાં લીધી, પછી વિચરી પૃથ્વી પાવન કીધી;
માને ધન્ય મળી સાચી રિદ્ધિ. જ્ઞાની ગુરૂ.

દિક્ષા મને આપીને તાર્યો, સંસાર કીચડથી ઉદ્ધાર્યો;
માણેકે જેથી મન ધાર્યો. જ્ઞાની ગુરૂ.

અહો ધન્ય પન્યાસનું, હર્ષ નામ દે હર્ષ;
ભવિ જીવને તારવા, જીવો હજારો વર્ષ.

મુનિ મહારાજશ્રી હેમમુનિજી.

આ મુનિમહારાજશ્રીનો જન્મ વીસનગર ગુજરાતમાં સં. ૧૯૧૩ ના ભાદરવા વદ ૧૧ ને રોજ થયો હતો અને તેમનું મૂળ નામ હરગોવનદાસ હતું. તેમના પિતાશ્રી સાંકળચંદભાઈ સહકુટુંબ અમરેલી (કાઠીયાવાડ)માં રહેતા હતા. મુનિરાજનાં માતુશ્રી રળીઆતબાઇ પ્રતિક્રમણાદિ ધાર્મિક ક્રિયામાં તત્પર હોવાથી બાળપણુથીજ મુનિરાજશ્રીને ધર્મપર શ્રદ્ધા સારી થઈ હતી. તેઓએ અભ્યાસ પણ ગુજરાતી ભાષામાં કાર્યયોગે કર્યો હતો. તેઓ સં. ૧૯૧૮ માં પ્રથમ મુંબઈ આવ્યા પણ વેપારાર્થે જાથુક રહેવાનું સં. ૧૯૩૭ થી થયું. આ મુનિરાજને વડનગરમાં સં. ૧૯૩૦ ની સાલમાં ત્યાંના રહીશ શા. રવચંદ વેલચંદ જેઓ પરમપ્રભાવિક શ્રાવક હતા. છઠછઠની તપસ્યા અને સોળ પહોરના પોસાથી વીસસ્થાનકની ઓળી જેમણે કરી હતી અને પારણામાં એકાસણું કરતા હતા, તેમ ધાર્મિક જ્ઞાન પણ સારૂં હતું. આવા ઉત્તમ શ્રાવકના સમાગમથી શ્રાવકપણામાં ધર્મ શ્રદ્ધા મુનિરાજને ઘણી ઉપયોગી થઈ પડી.

આ વખતે દિક્ષા લેવા ઇચ્છા થવા છતાં પણ પ્રથમ લગ્ન બંધન થોડા વખત પહેલાંજ થયેલું હોવાથી સાંસારિક અગવડોથી છૂટી શકાયું નહિ, તેથીજ લગભગ અઢાર વરસની વય સુધી સંસારમાં રહેવું પડયું. તેમાં બે પુત્ર તથા બે પુત્રી થયાં, જેમાંનાં એક પુત્ર ને એક પુત્રી જીવતાં હતાં. આવા સમયમાં પૂજ્યવર્ય શ્રીમોહનલાલજી મહારાજનો પ્રથમ વિહાર મુંબઈમાં સં. ૧૯૪૭ માં થયો તે પહેલાં પાલીતાણામાં સં. ૧૯૪૫ માં સમાગમ થયેલો તે વખતથી દિક્ષાભાવ વિશેષ પ્રગટ થયેલો અને તેના અનુકૂળ સંજોગો મુંબઈમાં મળી જવાથી પ્રથમથી બે વર્ષમાં એકાસણાં વિગેરે તપશ્ચર્યા કરી

ધર્મ આરાધી સં. ૧૯૪૮ ના માગશર સુદ ૫ ને રવિવારે ભાયખલામાં દિક્ષા ગ્રહણ કરી. મુંબઈમાં આ પ્રથમ દિક્ષા હોવાથી શ્રી સંઘે ઘણીજ જૈનશાસનની ઉન્નતિ કરી પોતાનું ધન સારા માર્ગે વાપરી મોટો મહોત્સવ કર્યો હતો.

આ મુનિરાજનાં ચોમાસાં મહારાજશ્રી સાથે વિહાર કરતાં પ્રથમ ગુરૂવર્યના હુકમથી પહેલું રાંદેરમાં થયું, બીજું મહુવામાં, ત્રીજું ગુરૂવર્ય સાથે સુરતમાં, ચોથું મુંબઈમાં, અને પાંચમું રતલામમાં થયું હતું. ગુરૂવર્યના સંઘાડામાં રત્નરૂપ વિદ્યાના સાગર એવા જશમુનિજીના શિષ્ય પ્રતાપમુનિજીને આ વખતેજ દિક્ષા રતલામ પાસે શ્રી સોમળીયા તીર્થમાં શાંતિનાથ પ્રભુના મંદિરમાં અપાઈ હતી. આ વખતે ગુરૂમહારાજશ્રીના શિષ્ય રાજમુનિજી પણ સાથેજ હતા.

આજ ચોમાસા પહેલાં સં. ૧૯૫૨ ના જેઠ સુદ ૨ ના રોજે કેસરમુનિજીને વાંગરોદ ગામ જે રતલામથી ચાર ગાઉ છે ત્યાં દિક્ષા આપી હતી અને પોતાનાજ શિષ્ય કર્યા હતા. તેમ અસાડ માસમાં સુદ ૧૦ મે અમરમુનિને દિક્ષા આપી હતી, અને રતલામમાં સઘળા મુનિરાજોએ ચોમાસું કર્યું હતું. ત્યાંથી વિહાર કરતાં કેસરીયાજીની તથા આબુ વિગેરે પંચતીર્થી યાત્રા કરી સં. ૧૯૫૩ માં ગુરૂમહારાજ સાથે અમદાવાદમાં ચોમાસું કર્યું. અને થોડો વિહાર કરી સાતમું ચોમાસું પણ ત્યાંજ કર્યું. ત્યાંથી તારંગાદિ તીર્થની જાત્રા કરી સં. ૧૯૫૫ નું ચોમાસું પાટણમાં કર્યું. ત્યાર પછી સિદ્ધગિરિ તીર્થમાં નવાણું યાત્રા કરી અમદાવાદ ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરતા ભવ્ય જીવને પ્રતિબોધ કરતા દશમું ચોમાસું પાછું રતલામમાં કર્યું. ત્યાંથી વિહાર કરતા મગશી પાર્શ્વનાથ, ઈંદોર, ઉજ્જન, માંડવગઢ, ધાર, રાજગઢ વિગેરેમાં દેવદર્શન કરી આજુબાજુ વિચરી તે ચોમાસું રાજગઢમાં કર્યું. ત્યાંથી આજુ-

બાજુના તીર્થોમાં તથા જિનમંદિરોનાં દર્શન કરતા ઝાલરાપટણ થઇને આગરાની છાવણી વિગેરે તરફ વિચરી બુંદીકોટામાં ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી અજમેર, મેડતા, ફલોદી તીર્થ, નાગોર, ફલોદી શહેર, પોકરણ, જેસલમેર વિગેરે પ્રાચીન શહેરોની જાત્રા કરી લોહાવટમાં ચોમાસું કર્યું. ત્યાંથી વિકાનેર વિગેરેમાં ફરી કીશનગઢ, માલપુરા, જયપુર, નવાશહેર, સોજત, જોધપુર, પાલી, શિવગંજ, પાલણપુર, મહેસાણા, અમદાવાદ, ખંભાત, ભરૂચ વિગેરે થઈ મહારાજશ્રીની આજ્ઞાથી મુંબઈ કોટમાં ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી દેણું જિનમંદિરની પ્રતિષ્ઠામાં ભાગ લઈ વિહાર કરતાં સિદ્ધ ક્ષેત્રમાં યાત્રા કરી અમરેલી, ગીરનારની યાત્રા કરી વંથલી ગામમાં ચોમાસું કર્યું. ત્યાંથી વેરાવળ, પાટણ, ઉનાદેલવાડા, દીવ, માંગરોલ, પોરબંદર, જામનગર વિગેરેમાં વિહાર કરી પાલીતાણામાં ચોમાસું કર્યું. ત્યાંથી ચુડા વિગેરેમાં વિચરી પાછા સુરતમાં ચોમાસું કર્યું. ત્યાંથી પાછા માળવા તરફ વિચરી રતલામ ચોમાસું કર્યું. ત્યાંથી તીર્થયાત્રા કરતા રાજગઢમાં ચોમાસું કર્યું. ત્યાંથી માંડવગઢ, મહેસર, મંડળેશ્વર, વડવાની, ખંડવા, બુરાનપુર, મલકાપુર થઈ ખાનગામમાં પન્યાસજી શ્રી સમેતશિખરની યાત્રા માટે શિષ્ય સમુદાય સાથે નીકળેલા ત્યાં ભેગા થયા. ત્યાર પછી પન્યાસજીશ્રી સાથે અંતરીક્ષ તીર્થાદિની જાત્રા કરી આકોલામાં ચોમાસું કરી શ્રી તીર્થયાત્રાના સંઘ સાથે સમેતશિખર તરફ હાલ વિચરે છે.

આ મુનિ મહારાજશ્રીને ગાવાની ઢબ સારી હોવાથી તેમ યાદશક્તિ પણ સારી હોવાથી ઘણાં સ્તવન, સઝાયો, થોયો, પૂજાની ઢાળો વિગેરે મ્હોડે છે. અને કારણ પ્રસંગે સંભળાવતાં હજારો જીવોને ધર્મમાં દોરવાને કારણરૂપ થઇ પડે છે. સિવાય જુદા જુદા તીર્થમાં વિચરતાં ત્યાંની અદ્ભુત પ્રતિમાજીનાં

દર્શન કરતાં, અંતર્ભાવ ઉદ્ભવતાં, કેટલાક નીકળેલા ઉદ્ગારોનાં સ્તવનો પણ બનાવેલાં છે. જે પ્રસંગોપાત છપાશે.

વળી માળવા મેવાડ વિગેરે દેશોમાં સંવેગી સાધુઓનું વિચરવું હાલમાં ઓછું થઇ જવાથી લોકોમાં અજ્ઞાન વધી ગયું હતું, અને જિનમંદિરોનાં દર્શન બંધ થવા સાથે તે દહેરાંની વ્યવસ્થા પણ બગડી ગઇ હતી. અને તેથીજ આ મુનિરાજનો વિહાર તે તરફ પરમોપકારી થઇ પડયો છે.

રાજગઢ પાસે માળવામાં અમીઝરા તીર્થનો જીર્ણોદ્ધાર સં. ૧૯૬૭ ના મહા સુદ ૫ મે થયો. વળી માંડવગઢ તીર્થ ચૈત્યવંદનમાં ગવાવા છતાં પણ તે તરફ જાત્રાળુ ભાગ્યેજ જતા અને જેનો જીર્ણોદ્ધાર હંસવિજયજી મહારાજના ઉપદેશથી થયો તે પહેલાં આ મુનિરાજનું પ્રથમ ગમન સં. ૧૯૫૮ માં ત્યાં થયું હતું. અને તેમનાથી બનતી તજવીજ તેમણે કરી હતી.

આ મુનિરાજે સં. ૧૯૬૩ ની સાલમાં દીવ તરફ વિહાર કરતાં ઉના ગામમાં જગત્ પ્રસિદ્ધ હીરવિજય સૂરિની પાદુકા ઉપરની છત્રીમાં જે શિલાલેખ હતો તેની સંસ્કૃત નકલ ઉતારી જૈન લોકોને જાહેર કરવા માટે જૈન પત્રમાં તેજ સાલમાં છપાવ્યો હતો. આ મુનિરાજશ્રીએ જ્યાં જ્યાં વિહાર કરેલો છે, ત્યાં ત્યાં પાઠશાળા વિગેરે માટે બનતો પ્રયાસ કર્યો છે તથા તીર્થ યાત્રામાં વિચરતા જાત્રાળુઓ તીર્થમાં જે અશાતના કરતા તેનો અટકાવ કરવા તેમણે જૈન પત્ર વિગેરેમાં લખી સુધારો કરાવ્યો છે, તથા વિહારમાં ઉપદેશ કરી સાધારણ ખાતાનો તથા દેવ દ્રવ્યનો વિવેક નહિ સમજનારાને દ્રવ્યસિત્તરી ગ્રંથ સંભળાવી ઘણે સ્થળે તે વિવેક સમજાવીને ખાતાં જુદાં કરાવ્યાં છે.

મુનિ મહારાજ શ્રી દયાળમુનિજી.

આ મુનિરાજશ્રીનું મૂળ વતન અમદાવાદમાં હતું. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૨૨ ના આસો સુદ ૧૫ નો હતો. તેઓશ્રીને અમદાવાદમાં શાહપુરના ચોમાસે પુજ્યપાદ ગુરૂ મહારાજશ્રી મોહનલાલજીના શિષ્ય આલમચંદજીનો પ્રથમ સમાગમ સં. ૧૯૪૫ માં થયો. ધર્મોપદેશ શ્રવણ કરતાં વૈરાગ્યે રંગિત હૃદય થતાં સં. ૧૯૪૬ માં કપડવંજમાં દિક્ષા માગશર વદ ૧૦ મે લીધી. ત્યાંથી અમદાવાદ તરફ થઇ પાછા સુરતમાં આવ્યા. તે વખતે મહારાજશ્રીની સાથે લગભગ સાત આઠ સાધુઓ હતા. ત્યાંથી પોતાના ગુરૂ શ્રી આલમચંદજીને ભરૂચ તરફ જવાનું હોવાથી તેઓ મોટા મહારાજ સાથે મુંબઈ તરફ વિહાર કર્યો. પાછું સુરત ગોપીપુરામાં ચોમાસું થયું. ત્યાંથી પાલીતાણા તીર્થે નવાણું જાત્રા કરી બાબુની પાઠશાળામાં અભ્યાસ કરવા રહ્યા. ત્યાં દોઢ વરસ રહી વિહાર કરી અમદાવાદમાં આલમચદજી મહારાજની સાથે મળી પાટણ ગયા. ત્યાંથી પાલી તરફ વિહાર કરતાં ગુરૂ મહારાજ આલમચંદજીને શરીરે અશક્તતાની ખબર મળતાં પાછા ફરતાં શિવગંજ છાવણીમાં ખબર મળી કે ગુરૂમહારાજ શ્રી પાટણમાં સ્વર્ગવાસ પામ્યા છે. ત્યાંથી લખમીચંદ તથા પૂનમચંદ જેઓની ભીલોડામાં દુકાન છે. અને વાલીના રહેવાસી છે તેમણે શ્રી કેસરીયાજીનો સંઘ હિતવિજય ઉપાધ્યાયના ઉપદેશથી કાઢેલો તેમાં તીર્થ યાત્રા કરવા ગયા. ત્યાંથી ઉદેપુર ચોમાસું કરી સંસ્કૃત અભ્યાસ કરી વ્યાખ્યાનની કાંઈક યોગ્યતા મેળવી. અને તેજ સાલમાં શિક્ષાવળી નામનું પુસ્તક પ્રગટ કરાવ્યું. ઉદેપુરથી નીમચની છાવણી પાસે સાદરી જે છોટીસાદરી નામે ઓળખાય છે, અને જ્યાં પ્રખ્યાત ચંદનમલ નાગોરી શ્રાવક રહે છે. ત્યાં થોડા દિવસ રહી મહીદપુર

પાસે વહીપાર્શ્વનાથની યાત્રાર્થે શ્રાવક સમુહ સાથે ગયા. ત્યાંથી પ્રતાપગઢ થઇ ખડતરગચ્છના પ્રખ્યાત સાધુ શિવરામજીના શિષ્ય ચિદાનંદજીનો સમાગમ કર્યો. ત્યાંથી વિહાર કરતાં મગકસી તીર્થે આવી કાયથામાં ચોમાસું કર્યું. ત્યાંથી ઇંદોર આવી લાગલાગટ પાંચ ચોમાસાં કરી સિદ્ધાંત કૌમુદીનો તથા તર્કસંગ્રહનો અભ્યાસ તથા અમરકોષ મ્હોડે કરી બનતો અભ્યાસ કરી બાળચંદજી ઉપાધ્યાય પાસે સંગ્રહિણી વિગેરે પ્રકરણનો અભ્યાસ કર્યો તથા ચરિત્રો વાંચ્યાં. ત્યાંથી દાહોદ ચોમાસું કર્યું. ત્યાંથી ગોધરા થઈ વાડાસીનોર ચોમાસું કર્યું. ત્યાંથી ગુલાબવિજય સાથે લુણાવાડામાં રહ્યા. ત્યાં રઘુવંશ વિગેરે કાવ્ય તથા સિંદુર પ્રકરણ વિગેરે વાંચ્યાં તથા તેમના શિષ્ય મણીવિજયજી સાથે રહી દશ વૈકાલિકની નાની દીપીકા સમય સુંદર કૃત છે તે વાંચી. ત્યાંથી વીરપુર નજીકમાં ચોમાસું કરી તારંગાજી તીર્થની યાત્રા કરી ભદ્રીના અમદાવાદના લુહારની પોળના ઉપાશ્રયવાળા ગુલાબવિજયજી સાથે વિચરી ખેરાળુ વિગેરે ફરી અમદાવાદ આવી અમદાવાદમાં સારંગપુરમાં ચોમાસું કર્યું. તે પહેલાં તત્વાર્થનો તેમની પાસે અભ્યાસ કર્યો. ત્યાંથી મુંબઈ આવી પ્રસિદ્ધ વક્તા ચારિત્રવિજય સાથે બંદર ઉપર દશાઓસવાળાની વાડીમાં ચોમાસું કર્યું. ત્યાંથી થાણા ચોમાસું કરી કુરલામાં ચોમાસું કર્યું. ત્યાં નવા થતા દેરાસરને માટે ઉપદેશ કરી બનતી સહાયતા કરાવી. ત્યાંથી પન્યાસજીશ્રીની આજ્ઞાથી મુંબઈ આવી મોહનલાલજી જૈન પાઠશાળામાં મૃગાવતી ચરિત્ર વિગેરે વાંચી સમેતશીખર તીર્થની યાત્રા માટે તેમની સાથે નીકળ્યા. ત્યાંથી અંતરીક્ષ તીર્થની યાત્રા કરી આકોલે પન્યાસજી શ્રી સાથે ચોમાસું કરી સમેતશીખર તીર્થની યાત્રા માટે સંઘ સમુદાયમાં વિચરે છે. આ મુનિરાજશ્રીના ગુરૂજીનું નામ આલમચંદજી સિવાય દિક્ષાનું નામ આનંદમુનિ હતું.

મુનિશ્રી જયમુનિજીનું ચારત્ર.

આ મુનિશ્રીનું ગૃહસ્થાવાસમાં નામ જગજીવનદાસ હતું. તેઓ ધાર્મિક બાબતોમાં અગ્રેસર ગણાતા રાધનપુરના રહેવાસી હતા અને વેપારાર્થે પ્રથમ સં. ૧૯૪૭ માં મુંબઈ આવેલા અને પછી બીજી વખત સં. ૧૯૪૯ માં આવ્યા હતા અને મોતીના ધંધામાં ત્રણેક વરસ રહ્યા હતા. મહારાજશ્રી મોહનલાલજીનો પ્રથમ સમાગમ સં. ૧૯૫૧ ના જેઠ માસમાં વાલકેશ્વરમાં થયો. તેમની અનુપમ વ્યાખ્યાન પદ્ધતિથી રંજિત થતાં તથા પન્યાસજી હર્ષમુનિ પાસે બેસી કેટલીક વાતો સમજતાં, ધાર્મિક શ્રદ્ધા વિશેષ વધતાં ચારિત્ર ઉપર અત્યંત રાગ થયો અને મહારાજશ્રીને વારંવાર વિજ્ઞપ્તિ કરતાં તેઓએ યોગ્યતા જોઈ સં. ૧૯૫૨ ના માગસર વદ ૧૧ ના રોજ દિક્ષા આપી હતી અને તેજ દિવસે મુંબઈમાં આદેશ્વર પ્રભુના દહેરાના મ્હોડા આગળના ઉપરના ભાગમાં પ્રભુજીને પધરાવવાનું મુહૂર્ત પણ હતું.

મુંબઈનાં પ્રસિદ્ધ શ્રાવક તલકચંદ માસ્તર મહારાજશ્રીના તથા જૈન ધર્મના પરમરાગી હોવાથી દિક્ષાનો તથા વરઘોડાનો ખર્ચ તેમણેજ કર્યો હતો.

વરઘોડો હમેશના રિવાજ મુજબ ભાયખળે જતાં સવારના કલાક નવ અને ત્રણ મિનિટે પ્રથમ પહોંચી યોગ્ય વખતેજ દિક્ષા આપી હતી. આ દિક્ષાનો અપૂર્વ ઉત્સાહ જૈન સંઘમાં પ્રસરી રહ્યો હતો.

મહારાજશ્રી સાથે પ્રથમ ચોમાસું મુંબઈ, બીજું અમદાવાદ, ત્રીજું પાટણ, ચોથું પાંચમું છઠું સુરત કરી સાતમું મુંબઈ કરી તેઓશ્રીની આજ્ઞાથી રાધનપુરવાળા ખોડીલાલ સોભાગચંદની વિજ્ઞપ્તિથી રાધનપુરમાં ઉજમણા વિગેરેની જૈનધર્મની ઉન્નતિની

બાબતો હોવાથી ત્યાં ચોમાસું કરવા નીકળ્યા. આ વખતે વિહાર કરતાં રસ્તામાં સારોદ મુકામે કમળમુનિજીનો સમાગમ થયો અને બંને જણા રાધનપુરમાં સં. ૧૯૫૯ ના ચૈત્ર વદમાં પહોંચ્યા. ઉજમણું વૈશાખ માસમાં થયું. આ શહેરમાં ઉત્તમ સાધુઓ ચોમાસું કરતા હોવાથી શ્રાવકો પણ જૈનધર્મના તત્વના ગ્રાહકો છે, તેથી સાધુને જ્ઞાન આપવા લેવાનો સારો પ્રસંગ છે. આ શહેરમાં સાગરના ઉપાશ્રયે ચોમાસું કર્યું હતું. રાધનપુરમાં ૨૫ દહેરાં તથા એક જૈન પાઠશાળા શ્રાવકો માટે અને બીજી શ્રાવિકાઓ માટે છે, તેમ ભોજક લોકો જૈન ધર્મપર પૂર્ણ ભક્તિભાવ ધરાવનારા છે. અધ્યાત્મિક પદો રાગરાગણીમાં ગાઈ લોકોને ધર્મમાં જોડે છે. ગૃહસ્થોને જો ગાવાનો શોખ હોય તો ધાર્મિક સ્તવનો પદો શીખવાં હોય તેમને માટે અહીં સગવડ સારી છે. રાધનપુર ચોમાસું કરી પાછા સુરત આવ્યા. તે પહેલાં એક શ્રાવિકાને રાધનપુરમાં મહા સુદમાં દિક્ષા આપી હતી. તે ટેલાના ઉપાશ્રયના સંઘાડાની હતી. રાધનપુરથી ફાગણ વદ ૨ ને રોજ નીકળી સમી, સંખેશ્વર તીર્થ. પંચાસર, માંડળ, વીરમગામ, સાણંદ, અમદાવાદ, માતર, નાર, સારોદ, જંબુસર, આમોદ, ભરૂચ થઈ સૂરત આવ્યા. સંખેશ્વરતીર્થ ઘણું પ્રાચીન છે, તેમ માતર દેવમુનિજીની જન્મભૂમી છે અને સાચા દેવના તીર્થ તરીકે પ્રખ્યાત છે. સિવાય રસ્તામાં આવતાં ગામોગામ ઉપદેશ કરી ભવ્ય જીવોને પ્રતિબોધતા સુરત સં. ૧૯૬૦ ના ચૈત્ર માસમાં આવ્યા. ત્યાં દેવમુનિજી પ્રથમથી હતા તથા માણેકમુનિ તથા કર્પુરમુનિ મુંબઈથી આવ્યા. સુરતમાં ચોમાસામાં પ્લેગ હોવાથી રાંદેર ત્રણ સાધુઓ ગયા. તે વખતે પણ વિશેષ અડચણ જેવું ન હોવાથી તેઓશ્રીએ ત્યાંજ ચોમાસું પુરૂં કર્યું. ત્યાર પછી પન્યાસજીશ્રી સાથે મુંબઈ

આવવા નીકળ્યા. તે પહેલાં માણેકમુનિને વડીદિક્ષા તથા સાધ્વીદર્શનશ્રીને પ્રથમ દિક્ષા પન્યાસશ્રીએ આપી હતી તથા માણેકમુનિના તથા બીજી સાધ્વીઓને કાચી દિક્ષાના જોગ તથા શ્રાવક શ્રાવિકાને ઉપધાન જયમુનિજીએજ વહેવડાવ્યા હતા.

મોટા મહારાજશ્રીનો પૂર્ણ પ્રેમ છતાં આ મુનિજીને પન્યાસજીશ્રીના શિષ્ય તરીકે વડી દિક્ષા વખતે કરેલા છે. તેમ પન્યાસજીશ્રીની વિશેષ કાળજી ભણાવવા ઉપર હોવાથી તેમ બુદ્ધિ તીક્ષ્ણ હોવાથી તેમ દામોદર શાસ્ત્રીનો સમાગમ હોવાથી સંસ્કૃત વિગેરે તથા સૂત્રનો અભ્યાસ સારો થયો છે. ત્યાંથી મુંબઈ મહારાજશ્રી સાથે એક ચોમાસું સં. ૧૯૬૧ નું કરી તેઓશ્રીની આજ્ઞાથી દેણું બંદરે નવા જિનમંદિરમાં પ્રતિષ્ઠા કરી. આ વખતે સાથે હેમમુનિજી, કલ્યાણમુનિ, ભક્તિમુનિ, જે કલ્યાણમુનિના શિષ્ય છે તે હતા. ત્યાંથી પ્રતિષ્ઠા કરી મુંબઈ આવી થાણા પ્રતિષ્ઠા વખતે મહારાજશ્રી સાથે હાજર હતા. ત્યાંથી મુંબઈ આવી સુરત તરફ વિહાર કર્યો. તે વખતે એક કોમળ વયનો પ્રેમચંદ નામનો એક કાઠીયાવાડી શ્રાવક વાવડીનો રહેવાસી ત્યાં ભણવા રહેલો તેને ઉપદેશ લાગતાં સાથે પગે ચાલી નીકળ્યો. આ વખતે તેની ઉમર ફક્ત તેર વરસની હતી. વિહાર કરતાં નવસારી આવી. અસાડ સુદ ૮ મે દિક્ષા આપી ચોમાસું ત્યાંજ કર્યું. દિક્ષાનું ખર્ચ શ્રી સંઘે આપેલું તેમાં મોટો ભાગ કાલીયાવાડીવાળા મોટાજી વધાજીએ આપેલો હતો. અને દિક્ષિતનું નામ પ્રતાપમુનિ રાખ્યું. ત્યાંથી ચોમાસું પુરૂં થયે સુરત આવી મહારાજશ્રીની આજ્ઞા થવાથી ખાનદેશ તરફ પ્રતાપમુનિ સાથે નીકળ્યા. રસ્તામાં વરાર, કડોદ, વિહરા, સોનગઢ, નવાપુરા, થઈ જંગલને રસ્તે ધુળિયા આવ્યા. તે વખતે માણેકમુનિ ધુળિયાથી પંદર કોસ સામે આવી સાંકળી ગામે મળ્યા. અને ધુળિયા સુધી આવતાં સંઘને

ખબર મળવાથી વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. ત્યાં થોડા દિવસ સુધી રહી બાદરપુર ગયા. ત્યાં બે માસ રહી ધર્મોપદેશ આપી અમલનેર તરફ ગયા. બાદરપુરમાં શ્રાવકોનાં ઘર થોડાં છતાં ગુજરાતી વીગેરે શ્રાવકો ભાવિક હોવાથી ચોમાસું પણ કરવા યોગ્ય છે. ત્યાં પ્રથમ ભાવમુનિ તથા શુભમુનિએ પણ ચોમાસું કરેલું છે. આ બાદરપુરમાં વિઘા સાંસારિક વિશેષ છે. તેમ લાડસીકા વાણીયાની વસ્તી છે. તેઓ જૈનોના પરિચયથી જૈન ધર્મનું પણ કેટલાક તત્ત્વજ્ઞાન જાણે છે. અમલનેરમાં અમરવિજયજી તથા બાળવિજયજી હતા. તેમના સમાગમથી વિશેષ આનંદ થયો હતો. ત્યાંથી સીરપુરના શ્રાવકોની વિજ્ઞપ્તિથી મહારાજશ્રીની રજા આવવાથી ત્યાં ગયા. રસ્તામાં સીરસાળા ગામ નાનું પણ ધર્મમાં આગેવાન છે. ત્યાં થોડા દિવસ રહી વરસાદનો મામલો નજીક આવવાથી સીરપુર ગયા. વૈશાક વદ ૧૧ ની શુભ તિથિ હતી. શ્રાવકોને અત્યંત શ્રદ્ધા ધર્મ પર વધી પ્રથમ દેવમુનિજી તથા કર્પૂરમુનિ તથા ક્ષમામુનિજીએ ચોમાસું કરેલું હોવાથી બી રોપાયલું હતું. તેમાં શુદ્ધ વાણીનું સીંચન થતાં લોકોએ ભગવતીસૂત્ર સાંભળવા ઈચ્છા ધરાવ્યાથી તેજ સૂત્ર વિધિયુક્ત સંભળાવ્યું અને શ્રાવકોને પોતાનું અમૂલ્ય દ્રવ્ય સારા કામમાં ખર્ચવા ઈચ્છા થતાં જીર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરવા પ્રથમ સૂચવ્યું અને શ્રાવકોના હૃદયમાં સચોટ લાગતાં તેમણે તરત એટલે માગશર સુદ ૮ સં. ૧૯૬૪ માં ખાતમુહૂર્તનો પાયો નાંખ્યો અને કુર્મશિલા સ્થાપી.

આ દહેરાનું કામ એટલું રમણીક થઇ પડયું છે કે આજુબાજુના લોકો ત્યાં દર્શનાર્થે આવે છે, તેમ એક તીર્થ તરીકે થઇ પડયું છે. તેમ દહેરૂં બાંધવામાં અમદાવાદવાળા સોમપુરા સલાટ મીસ્ત્રી છગનલાલ કાશીરામની આગેવાની

હતી તથા તેમણે જોયણીનું પ્રખ્યાત દહેરૂં બાંધેલું છે તથા અમદાવાદવાળા મનસુખભાઇ શેઠ દરેક જગ્યાએ તેમનેજ મોકલતા હોવાથી તેઓએ ત્યાં આવી બનતી મહેનત લઈ સુધારો કરાવ્યો. ત્યાર પછી તેમના ભાઇ મોહનલાલ જે મીસ્ત્રી છે. તેમને સોંપ્યું. પછી તેમના હાથથી પૂર્ણ થયું. આ દહેરામાં પત્થર અહમદનગર ગુજરાત તથા પોરબંદરનો વપરાયો છે, તથા મકરાણો (આરસ) વપરાયો છે તથા જેસલમેરનો પીળો પત્થર વપરાયો છે. દહેરાનું ખર્ચ ઘણું સંભાળપૂર્વક કરવાથી સાઠ હજારમાં લાખ રૂપિયા જેટલું કામ થયું છે અને પત્થરનો દર પણ રેલવેવાળાએ ઓછો કરી આપ્યો હતો જેથી ઘણો ફાયદો થયો હતો.

દહેરામાં દરેક શ્રાવકની પૂરતી કાળજી હતી. તેમાં મુખ્ય ભાગ ગુલાબચંદ મોતીચંદ તથા લીલાચંદ ગુલાબચંદ તથા તેમના ભાઇઓ તથા વહાલચંદ દીપચંદ વિગેરેનો હતો. નાણું દહેરામાં કેટલુંક શીલીક તથા કેટલુંક ઉપજ થતાં જે આવેલું તે વપરાયલું છે. આ દેરાનો હિસાબ ઘણો ચોખો તથા વિવેકપૂર્વક હોવાથી દ્રવ્ય વધ્યું હતું. પ્રતિમાજી દહેરાને યોગ્ય બેસાડવાનાં હોવાથી ખંભાતથી પોપટભાઈ અમરચંદ મારફતે મગાવી હતી. તે રમણીક તથા ૨૭ ઇંચની છે. સફેદ પત્થરની તથા પદ્મ પ્રભુની પ્રાતમા છે. જે દિવસે ગામમાં પધરાવી તે દિવસે મોટો ઉલ્લાસ જૈનને તથા અન્યને થયો હતો.

દહેરાના જાણ લોકો ખાનદેશ તરફ કમ હોવાથી કોઈ પણ જાતની ખોડખાપણ આવે તથા બનતી મદદ તથા સલાહ મળે માટે બીજું ચોમાસું પણ ત્યાંજ કરી ધુળિયે આવ્યા. અને ધુળિયાના સંઘની વિજ્ઞપ્તિથી ચોમાસું પણ ત્યાં કર્યું. વ્યાખ્યાનમાં અનેક ગ્રંથો વાંચવામાં આવ્યા હતા. આ ગામમાં પ્રથમ ચોમાસું હંસવિજયજીએ કર્યું હતું, ત્યારે સખા-

રામ શેઠ જીવતા હોવાથી તથા કચ્છી શ્રાવકોનો પૂર જોસ હોવાથી દુકાળ સં. ૧૯૫૬ માં હતો છતાં પણ ધાર્મિક ઉન્નતિ ઘણી થઈ હતી, તેમ શ્રાવકોને પ્રથમના મુનિવિહારથી ઘણો લાભ પ્રાપ્ત થયો હતો. આ શહેરમાં ઢુંઢક ઓશવાળ મારવાડીનાં ઘર વિશેષ હોવાથી તેઓના સાધુ સાધ્વી વધારે ચોમાસાં કરતા હતા પણ સંવેગી સાધુના પરિચયથી સર્વેને જૈનધર્મના તત્વજ્ઞાનનો લાભ થયો. ત્યાર પછી અમરવિજયજીએ બે ચોમાસાં કર્યાં. ત્યાર પછી જયમુનિજીનું ચોમાસું થવાથી વધારે શ્રાવકોને ધાર્મિક જ્ઞાનનો લાભ થવા ઉપરાંત મંદિરના પૈસાથી મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો વિચાર પણ થયો, કારણ કે દહેરૂં જમીનમાં બેઠેલું દેખાયું અને ગામમાં સડકો થવાથી બીજાં મકાનો ઉંચાં થતાં જાય છે, પણ દહેરાનું કામ શ્રાવકોની આગેવાની વિના હજુ જીર્ણોદ્ધાર સંબંધી કાંઈ થયું નથી. દહેરામાં પૂરતી શાલિક છે અને આજુબાજુનાં દહેરાસરને તેઓ મદદ પણ કરે છે છતાં આ દહેરાનો જીર્ણોદ્ધાર થવાની ઘણી જરૂર છે. ત્યાંથી પાછા સીરપુર ચોમાસું કર્યું, અને દહેરાનું કામ ચાલતુંજ હોવાથી ત્યાં ચોમાસું રહેલા પંડિતવર્ય જયવિજયજી તથા પ્રતાપવિજય તથા ગુણવિજયજી સાથે સીરપુરનો સંઘ માંડવગઢની જાત્રાએ નીકળ્યો તેમાં ગયા અને પાછા ફરી ચોમાસું કરી મહા સુદ ૫ મે પ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠામાં શ્રાવકોનો ઉત્સાહ અપૂર્વ હતો. મૂળ નાયકને નવા દહેરામાં પધરાવવા તથા ગાદીએ સ્થાપન કરવામાં ખુબચંદ રૂપચંદ કે જેઓશ્રીના મકાનમાં સાધુઓ ચોમાસું કરે છે તેમણે નવહજાર એક રૂપિયો બોલી પ્રતિમાજીને પધરાવ્યા. સિવાય લખમીચંદ ધર્મચંદ, કસ્તુરચંદ કરમચંદ, લીલાચંદ વીરચંદ, લીલાચંદ ગુલાબચંદ વિગેરે તથા શ્રી સંઘે ઘી બોલી બનતો લાભ લીધો હતો. પ્રતિષ્ઠા વખતે શ્રાવક શ્રાવિકાઓ

પાટણ, ખંભાત, છાણી, યેવલા, વડોદરા, અમલનેર, બાદરપુર, કલમસરા, સીરશાળા, ધુળિયા, માલેગામ, શાહાપુર, પુના, અહમદનગર વિગેરેના આવ્યા હતા. ખર્ચ શ્રી સંઘે કર્યો હતો. અગ્યાર નવકારશીમાં સ્વામીવાત્સલ્ય કર્યું હતું. ઊપજ આશરે ચાળીસેક હજારની મંદિરમાં થઈ હતી. આ રમણિક મંદિર દરેક જૈનબંધુએ જોવા યોગ્ય છે. શીખરબંધી જો કે ખાનદેશમાં કોઈ કોઈ જગ્યાએ છે પણ આનો દેખાવ તો અપૂર્વજ છે.

પાઠશાળા પણ છોકરા છોકરીની હોવાથી નાનાં બાળકોને પણ ધાર્મિક જ્ઞાન સારૂં થયું છે. ત્યાં સં. ૧૯૬૭નું બીજું ચોમાસું કરી પન્યાસજીશ્રીના દર્શનાર્થે સમેતશીખરની યાત્રાના અભિલાષથી નીકળ્યા. તે પહેલાં શ્રાવકોએ દેવદ્રવ્યનો ગેર-ઉપયોગ કોઈ રીતે ન થાય માટે સઘળી તજવીજ કરી રાખી હતી.

સીરપુરથી સં. ૧૯૬૮ ના કારતક વદી ૨ ને રોજ વિહાર કરી અમલનેર થઈ જલગામ આવ્યા. ત્યાં દહેરાસર બાબત ઉપદેશ કરી જીર્ણોદ્ધાર કરવા સૂચવી બાલાપુર આવ્યા. બાલાપુરમાં રમણિક મંદિર શ્રી સંઘની સહાયથી હીરાલાલ શેઠ બંધાવરાવે છે. જે થોડા વખતમાં તૈયાર થશે તેમાં યોગ્ય યોગ્ય સૂચનાઓ કરી આકોલે આવ્યા. આકોલાથી ઉમરાવતી આવી માગશર સુદ ૧૦ મે પન્યાસજીશ્રીને મળ્યા. રસ્તામાં કમોસમનો વરસાદ થવાથી તથા રેલસડકે ચાલવાનું હોવાથી ઘણી વિટંબણા થઈ હતી, છતાં પણ બાર સાધુ તથા સંઘ ખોટી થતો હોવાથી એકદમ આવ્યા. અને પન્યાસજીશ્રી સાથે સમેતશીખર યાત્રાએ માગશર સુદ ૧૨ ના રોજ નીકળી પુણ્ય પ્રકૃતિ પ્રબળ હોવાથી સારા જ્ઞાન ઉપરાંત તેમના મધુર કંઠથી લોકોને સ્તવન સઝાયાદિથી પણ વધારે ધાર્મિક

શ્રદ્ધા તથા વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે તથા શિલ્પશાસ્ત્રનું જ્ઞાન જૈનમાં હાલમાં કમ હોવાથી તે જ્ઞાન પણ કાંઈક તેમણે સંપાદન કરેલું છે.

આ મુનિશ્રીના કુટુંબમાં પ્રથમ તેમના કાકાની દીકરીએ દિક્ષા લીધી છે જેનું નામ શાંતિશ્રી છે અને પાછળથી તેમની સગી બેન ઝરમર બાઇએ દિક્ષા લીધી જેનું નામ દર્શન શ્રી છે. આ સાધ્વીની પણ બુદ્ધિ અતી તીક્ષ્ણ હોવાથી ધાર્મિક અભ્યાસ સારો કર્યો છે. જે હાલ તીલકશ્રી સાધ્વી છે તેમની સાથેજ વિચરે છે.

આ મુનિશ્રી પાસે શીલ્પશાસ્ત્રના જૈન ગ્રંથ લખેલા નીચે મુજબ આવ્યા છે.

૧ પ્રતિષ્ઠાસાર. } બંને દિગંબરાચાર્ય કૃત.
૨ વાસ્તુસાર. }

૩ પ્રાસાદમંડન. (૨) રાજવલ્લભ (છપાયલો). રૂપમંડન, રૂપાવતાર, શિલ્પદીપક છાપેલો. આપતત્વ, વાસ્તુતાર, દીપાર્ણવ, અધુરો. અપરાજિત અધુરો. ખીરાણુ અધુરો. આ સઘળા અન્ય વિદ્વાનોએ કરેલા છે, તે લખેલા છે. સિવાય પણ કેટલાક ગ્રંથો છે.

મુનિશ્રી પદ્મમુનિજી.

પન્યાસજી શ્રી હર્ષમુનિજીના બીજા શિષ્ય પદ્મમુનિજી છે. તેઓશ્રીનો જન્મ મુંબઈમાં સં. ૧૯૨૨ ના બીજા જેઠ વદ ૩ ને દિવસે થયો હતો.

તેઓશ્રીના પિતા વેપારાર્થે કુટુંબ સહિત મુંબઈમાં રહેતા હોવાથી ગુજરાતી અભ્યાસ સાથે અંગ્રેજી જ્ઞાન પણ મેળવેલું હતું, અને યૌવાવય થતાં વેપારમાં પડયા હતા કે જેઓશ્રીએ

મુંબઇમાં નગીનદાસ કપુરચંદના નામથી ઝવેરાતની મોટી દુકાન ચાલતી હતી, તે દુકાનમાં ભાગીયા તરીકે જોડાઇ સારૂં નાણું સંપાદન કર્યું હતું. તેઓશ્રીનું લગ્ન તળેગામ ઢેઢેરા પાસે વાવ ગામમાં થયું હતું.

સંસારની અસારતા આત્માને પ્રાપ્ત થવી અને વૈરાગ્ય પરિણામ આત્મામાં ઉત્પન્ન થવો મહા દુર્લભ છે. પણ પૂર્વે જેઓએ ધર્મ આરાધ્યો છે તેઓને તે ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત થવી દુર્લભ નથી. જેથી અમદાવાદવાળા શા. પોપટલાલ જેઠાભાઈ વેપારાર્થે ત્યાં આવતા હતા તેથી તેમના સમાગમથી ધર્મ ઉપર તેમને સારી શ્રદ્ધા વધતી જતી હતી.

સિવાય મહારાજશ્રી મોહનલાલજી મહારાજનો સમાગમ સં. ૧૯૪૭ માં મુંબઇમાં થયો, અને ગૃહસ્થાવાસમાં પણ બનતાં સુધી મહારાજશ્રી જ્યાં ચોમાસું કરતા ત્યાંજ ધર્મ ધ્યાનમાં કાળ ગુજારવા માટે તેઓ રહેવાસ કરતા હતા. તેવામાં પ્રબળ વૈરાગ્ય ઉત્પન્ન થતાં સં. ૧૯૫૫ માં દિક્ષા લેવા વિચાર થયો. આ વખતે મહારાજશ્રીને ચોમાસું સુરતમાં કરવાનું હોવાથી અમદાવાદમાં રોકાયા હતા ત્યાં જઇ દિક્ષાનો ચોક્કસ વિચાર જણાવતાં તેઓશ્રીએ યોગ્ય શિષ્ય જાણી દિક્ષા લેવા રજા આપી, તેથી પાલનપુરમાં સં. ૧૯૫૬ ના પોસ વદ છઠ્ઠે દિક્ષા લીધી. આ વખતે પન્યાસજી શ્રી જસમુનિજી મહારાજ ત્યાં બિરાજતા હતા. ત્યાંથી તેમની રજા લેઈ સં. ૧૯૫૬ નું પ્રથમ ચોમાસું મોટા મહારાજ સાથે સુરતમાં કર્યું. ત્યાર પછી સં. ૧૯૫૭ નું ચોમાસું પણ ત્યાંજ થયું. પછી સં. ૧૯૫૮–૫૯–૬૦–૬૧–૬૨ નાં પાંચ ચોમાસાં મહારાજશ્રી સાથે મુંબઇમાં કરી તેઓશ્રી સાથે સુરત આવ્યા. અત્રે મહારાજશ્રીનો સ્વર્ગવાસ થયો, તે વખતે પણ આ મુનિરાજ મોટા મહારાજશ્રી સાથેજ

હતા. ત્યાંથી સં. ૧૯૬૩ નું ચોમાસું પન્યાસજી શ્રી હર્ષમુનિજી સાથે કર્યું. પછી સં. ૧૯૬૪ નું ચોમાસું પણ તેમની સાથેજ પાલીતાણે કર્યું ત્યાર પછી દેવમુનિજી સાથે સં. ૧૯૬૫ નું ચોમાસું કરી પાલણપુર આવ્યા. ત્યાંથી ચૈત્રી પુર્ણીમાના રોજ આબુતીર્થની યાત્રા કરી કાલિંદ્રી આવ્યા અને ત્યાંજ ચોમાસું કર્યું. ત્યાંથી પાછા આબુતીર્થની યાત્રા કરી કુંભારીયાના દેરાનાં દર્શન કરી તારંગા તીર્થે દર્શન કરી મોરીયા ગામે આવ્યા. ત્યાં મહા સુદ ૫ મે પ્રતિષ્ટા કરાવી. ત્યાંથી વીહાર કરી તારંગા તીર્થની યાત્રા કરી ખેરાળુના રસ્તે ભોયણી તીર્થે યાત્રા કરી અમદાવાદ આવ્યા. ત્યાંથી સુરત આવી પન્યાસજી શ્રી હર્ષમુનિ સાથે ખાનદેશ તરફ વીહાર કરી જળગામમાં ચોમાસું કર્યું. ત્યાંથી નીકળી સમેતશીખર યાત્રાર્થે પન્યાસજીશ્રીને આકોલે મળ્યા અને તેઓશ્રી સાથે હાલ વિહાર કરે છે. આ મહારાજશ્રીને ત્રણ શિષ્ય થયા. તેમાંના પહેલા શુભમુનિજીને દિક્ષા મુંબઇમાં સં. ૧૯૬૦ માં આપી હતી. બીજા શિષ્ય હિતમુનિને સં. ૧૯૬૩ માં સુરતમાં આપી હતી, અને ત્રીજા કનકમુનિને સં. ૧૯૬૬ માં મારવાડ દેશમાં આપી હતી. તેમાંના પહેલા શિષ્ય શુભમુનિજી જેઓ પાલીતાણા તીર્થની યાત્રા કરી ભવ્ય જીવોને પ્રતિબોધતા ઘોરાજી ગામે ગયા. ત્યાં સં. ૧૯૬૭ના અસાડ વદ ૧ ને રોજ દેવલોક પામ્યા છે.

પદ્મમુનિજી મહારાજની દિક્ષાને અનુમોદતી ધર્મ પત્ની પણ સંસારને અસાર જાણી દિક્ષા લેવા તત્પર થઈ અને નાણાનો સદ્વ્યય કરી. સં. ૧૯૫૬ ના વૈશાખ માસમાં સુરશ્રીજી સાધ્વી પાસે સુરતમાં દિક્ષા લીધી. અને તે ગુરૂણીશ્રી સાથેજ વિચરે છે.

મુનિશ્રી રંગમુનિજી.

મહારાજશ્રી રંગમુનિજી હર્ષમુનિજી પન્યાસના ત્રીજા શિષ્ય છે. તેઓનો જન્મ મારવાડમાં સાદરી ગામ જે રાણકપુર તીર્થથી ત્રણ કોસ છે, ત્યાં સં. ૧૯૨૭ ના ભાદરવા સુદ ૪ ના રોજ સંવત્સરીના વાર્ષિક પર્વના દિવસે મધ્યાન્હે થયો હતો. તેઓના પિતાશ્રી અનોપચંદજી મેવાડમાં કપાસણ ગામમાં અફીણનો વેપાર કરતા હતા. તેમની પાસે રહી સંસારીક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેઓનું સં. ૧૯૪૨ માં યૌવન વય થતાં સાદરી ગામમાં લગ્ન થયું. પછી વેપારાર્થે પુનામાં સાત વર્ષ રહ્યા હતા. આ મુનિરાજશ્રી પ્રથમ અમીવિજયની પાસે સાદરી ગામમાં પ્રતિબોધ પામ્યા હતા. ત્યાર પછી સિદ્ધાચળ તીર્થની યાત્રાર્થે ગયા. ત્યાંથી આચાર્યવર્ય શ્રી કમળવિજયજી મહારાજને વાંદવા પાટણ ગયા, ત્યાં તેઓશ્રીના વિશેષ પ્રતિબોધથી દિક્ષાનો ચોક્કસ વિચાર થયો. ત્યાંથી સુરત આવ્યા, આ વખતે મોહનલાલજી મહારાજને તે વાંદવા માટે ગયેલા, છતાં તેઓશ્રી દેણ તરફ વિહાર કરી ગયા હતા અને પન્યાસજી શ્રી જસમુનિજી તથા હર્ષમુનિજી બીરાજતા હતા. તેઓશ્રી પાસે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી દિક્ષા લેવા પ્રાર્થના કરી અને દિક્ષા પણ સંવત ૧૯૫૮ના પોસ વદ ૭ મારવાડી તિથિએ લીધી. ત્યાંથી મુંબઈ આવી ચોમાસું કરી મારવાડ તરફ સિધાવ્યા. ત્યાં સીરોહીમાં કેસરમુનિજી સાથે ચોમાસું કરી જેસલમેર વિગેરે તીર્થોની યાત્રા કરી પોકરણ, ફલોદીમાં પ્રતાપમુનિજી સાથે ચોમાસું કર્યું. આ પ્રતાપ મુનિજીએ ઘણું ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને તેઓ જો વધારે જીવ્યા હોત તો પોતાના ગુરૂ પન્યાસજી જશમુનિજી તથા મોટા મહારાજશ્રીના નામને વધારે દીપાવત. પણ ક્રુર કાળના પંજામાં

સપડાયાથી તેઓ પર્યુષણા પર્વમાંજ માંદા થઇ સુદ ૭ મે ત્યાંજ દેવલોક પામ્યા અને રંગમુનિજી ત્યાં બાકીનું ચોમાસું પૂરૂં કરી હેમમુનિજી સાથે લોહાવટમાં ગયા. ત્યાંથી જયપુર વિગેરે તીર્થયાત્રા કરી વિકાનેર આવી કાંતિમુનિજી મહારાજ સાથે ત્યાંજ ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી નવા શહેરમાં પણ ચોમાસું તેઓશ્રી સાથેજ કર્યું. ત્યાંથી વિહાર કરી બન્ને મુનિ-રાજો સુરત આવી મોટા મહારાજશ્રીને મળ્યા. મહારાજશ્રી મોહનલાલજીના સ્વર્ગવાસ પછી પન્યાસજીશ્રી સાથે સુરતમાં ચોમાસું કરી ત્યાંથી વિહાર કરી પાલીતાણે ચોમાસું કર્યું, ત્યાં માસખમણની તપશ્ચર્યા કરી. ત્યાંથી વિહાર કરી પન્યા-સજીશ્રી સાથે મુંબઇમાં બે ચોમાસાં કર્યા ત્યાંથી સમેત-શીખરની યાત્રાએ નીકળ્યા અને પન્યાસજીશ્રી સાથે અંતરીક્ષ તીર્થની યાત્રા કરી સં. ૧૯૬૭નું ચોમાસું ગુરૂ મહારાજની આજ્ઞાથી ક્ષમામુનિજી સાથે બાલાપુર કર્યું. ત્યાંથી ચોમાસું પૂર્ણ થયે આકોલે આવી ગુરૂ મહારાજ સાથે સમેતશિખર તરફ જવા નીકળ્યા.

આ મુનિરાજશ્રીને ગૃહસ્થાવાસમાં એક પુત્ર થયેલો છે જેનું નામ હમીરમલ છે, તે હાલ મુંબઇમાં શરાફી પેઢીમાં મારવાડી શરાફને ત્યાં રહે છે.

મુનિશ્રી ભક્તિમુનિજી.

આ નામના બીજા મુનિરાજ જેઓ કલ્યાણમુનિના શિષ્ય છે તે નહિ પણ આ મુનિરાજ તે પન્યાસજીશ્રી જસમુનિજીના શિષ્ય છે. તેમની જન્મભૂમી સુરત પાસે બારડોલી ગામમાં છે. તેમનો જન્મ સં. ૧૯૨૧ ના આસો સુદ ૧૦ વિજ્યા-દશમીના દિવસે થયો હતો, અને ગૃહસ્થાવાસમાં નામ ભાય-

ચંદ હતું. ત્યાં ગુજરાતી સ્કુલમાં અભ્યાસ કરી તેઓ તેમના પીતાશ્રી નથુશા સાથે વેપારમાં જોડાયા હતા. ધાર્મિક પુસ્તકો વાંચવાથી તથા ગુણમુનિજીના પરિચયથી વૈરાગ્ય રસનો અંકુર ઉત્પન્ન થયો હતો. પન્યાસજીશ્રી જસમુનિજીનું ચોમાસું સુરતમાં સં. ૧૯૫૭ માં હતું તે વખતે બારડોલીથી સાંસારીક સંબંધના લીધે પોતાની બેનના ઘેર સંગરામપુરામાં જવું આવવું તથા રહેવું થતું હતું. તેના લીધે ગોપીપુરામાં ઉપાશ્રયે જતાં ગુરૂવર્યશ્રીના દર્શનનો લાભ થતો. તે વખતે હીરાચંદ જીવણજી નામના શ્રાવકે મોહનલાલજી મહારાજનો મેળાપ કરાવી આપ્યો અને તેમની સુધાસદશ વાણીથી સંવેગ રંગે રંગાઈ ત્યાં છએ વિગઇ ત્યાગવાનો અભિગ્રહ લીધો અને માતાની આજ્ઞા લેવાને બારડોલી ગયા. તેમને અનેક પ્રકારે સમજાવીને મહારાજશ્રીને મળવા મુંબઈ ગયા અને ત્યા સં. ૧૯૫૮ ના ચૈત્ર વદ ૭ ના રોજ પ્રાતઃકાળે ઉમેદચંદ લાલચંદના ઘેરથી વરઘોડો ચડીને ભાયખલે આવતાં માતાજીની આજ્ઞાનુસાર ગુરૂવર્યશ્રીના વાસક્ષેપથી દિક્ષા ગ્રહણ કરી અને મોટા મહારાજે તેમને જસમુનિજીના શિષ્ય તરીકે સ્થાપ્યા. અને સં. ૧૯૫૮ નું ચોમાસું મુંબઈ કોટમાં કરી મારવાડમાં તીર્થયાત્રાને નિમિત્તે ગયા. ત્યાં સં. ૧૯૫૯ નું ચોમાસું જસમુનિજી સાથે જોધપુરમાં કર્યું. ત્યાંથી ફ્લોધી તીર્થની યાત્રા કરી અજમેરમાં ગુરૂજી સાથે ચોમાસું કર્યું. ત્યાંથી વિકાનેર, નાગોર, જેસલમેર, ફ્લોદી વીગેરેની યાત્રા કરતા સં. ૧૯૬૧ નું ચોમાસું ગુરૂજી સાથે જોધપુરમાં કર્યું. ત્યાંથી ભોયણી, આબુ, તારંગાદિ, સંખેશ્વરની જાત્રા કરી પાલીતાણે બીજા ભક્તિમુનિ સાથે ચોમાસું કર્યું. ત્યાં એક માસ ક્ષમણ તપ દેવગુરૂની કૃપાથી કર્યું. આ તપશ્ચર્યા પૂર્વના પુણ્યોદયથીજ થાય છે. ત્યાં નવાણું જાત્રા કરી વિહાર કરતા ઘોઘા.

વિગેરે સ્થળે જાત્રા કરતા સુરત આવી પન્યાસજીશ્રી હર્ષમુનિજી સાથે ચોમાસું કર્યું. ત્યાંથી વિહાર કરી રાંદેરમાં ચોમાસું કર્યું. ત્યાંથી પન્યાસજીશ્રી હર્ષમુનિજી સાથે બે ચોમાસાં મુંબઇમાં કર્યાં. રાંદેરના ચોમાસા વખતે વઢવાણનો રહીશ ખીમચંદ નામનો શ્રાવક ત્યાં આવ્યો. પૂર્વના સંબંધના લીધે ત્યાં તેની સ્થિરતા થઇ અને ચોમાસામાં વિશેષ પરિચય થતાં વૈરાગ્ય રંગે રંગાઇ દિક્ષાની ત્યાં વિનતિ કરી, તેથી પન્યાસજીશ્રી હર્ષમુનિ પાસે પાલીતાણે મોકલ્યો. ત્યાં ગુરૂવર્યે ભક્તિમુનિજીના નામથી વાસ-ક્ષેપ નાંખી દીક્ષા આપી અને તેણે મુબઇમાં પન્યાસજીશ્રી સાથેજ બધાં ચોમાસાં કર્યાં. અને ભક્તિમુનિ, ક્ષમામુનિ વિગેરે સાથે સમેતશીખરજીની યાત્રા માટે પ્રથમથી નીકળી નાશીક વિગેરેની તીર્થયાત્રા કરી યેવલામાં પન્યાસજીશ્રી ભેગા થયા અને સંઘ સાથે અંતરીક્ષજી તીર્થની યાત્રા કરી માણેકમુનિ વિગેરેની સાથે ઉમરાવતીમાં સં. ૧૯૬૭ નું ચોમાસું કર્યું. મૌનએકાદશી ત્યાં કરી સમેતશીખર યાત્રાર્થે નીકળેલા સંઘમાં ભેગા રહી ચૌદ મુનિરાજો સાથે સં. ૧૯૬૮ ના ફાગણ સુદ ૮ મે દેવગુરૂની કૃપાથી યાત્રા કરી આત્માને પવિત્ર કર્યો. આ મુનિજીશ્રીએ માસક્ષમણ ઉપરાંત પંદર, વીસ, અઠ્ઠાઇઓ, વિગેરે ઘણી તપશ્ચર્યા કરી કર્મને ખપાવ્યાં છે.

મુનિશ્રી ક્ષમામુનિજી.

આ મુનિરાજશ્રી સુરત પાસે હથોડા ગામના મૂળ રહે-વાસી હતા. ત્યાં ગુજરાતી અભ્યાસ કરી વધારે અભ્યાસ કરવા માટે સુરત આવ્યા. સુરતમાં રત્નસાગર જૈન પાઠ-શાળામાં ધાર્મિક તથા સાંસારિક અભ્યાસ સાથે ખાવા પી-વાની તથા રહેવાની સવડ હોવાથી વિદ્યાર્થીઓને રહેવું ત્યાં

અનુકુળ છે, તેમજ તેમના બીજા બે બંધુ સાથે અભ્યાસ કરતા હતા. અને વખત મળતાં ગોપીપુરામાં ખાડીના ઉપાશ્રયે પૂજ્યવર્ય મહારાજશ્રી મોહનલાલજીના શિષ્ય ગુમાનમુનિજી પાસે દર્શનાર્થે જવું થતું હતું. ત્યાં તેમના વૈરાગ્યમય ઉપદેશથી સંવેગરંગે હૃદય રંગાતાં સંસારની અસારતા પ્રત્યક્ષ જણાવા લાગી, તેથી ભાઇઓની તથા માતુશ્રીની રજા માગી પણ સંસારના અત્યંત મોહથી રત્ન જેવા કુમારને એકદમ અર્પણ કરી દેવા ઇચ્છા થઇ નહિ, તોપણ પૂર્વના પ્રબળ પુણ્યથી સારા શ્રાવકોની સમજુતીથી મુંબઇમાં આવી થોડો વખત રહી મોટા મહારાજ પાસે દિક્ષાનું સ્વરૂપ સમજી સંવત ૧૯૫૯ના ફાગણ વદ ૩ ના રોજે કેસરીચંદ સવાઇચંદ ઝવેરીના ઘેરથી વરઘોડો ચઢાવી ભાયખલે આવી ગુરૂવર્યશ્રીને પ્રાર્થના કરતાં તેઓશ્રીએ યોગ્ય શિષ્ય જાણી સવારના દશ વાગતાં આદિશ્વર પ્રભુના મંદિરમાં સંઘ સમક્ષ દિક્ષા આપી મૂળ નામ છોટાલાલ હતું તે ફેરવીને યથાગુણ પ્રમાણે ક્ષમામુનિ નામ આપી ગુમાનમુનિજીના શિષ્ય તરીકે વાસક્ષેપ નાંખવામાં આવ્યો. આ ચોમાસું પણ ગુમાનમુનિજી સાથે બંદર ઉપર વીસાની વાડીમાં કર્યું ત્યાંથી ગુરૂજી સાથે પુના તરફ વિહાર કરી પાછા મુંબઇ વડી દિક્ષા માટે આવી દિક્ષા લેઇ પાછા ગુરૂજીની સેવામાં હાજર થઇ દક્ષિણમાં તળેગામ ઢંઢેરે ચોમાસું કર્યું. ત્યાંથી અંતરીક્ષજી તીર્થની યાત્રા કરી ધુળિએ આવી મોટા મહારાજશ્રીની આજ્ઞાનુસાર દેવમુનિજી સાથે રહી ચોમાસું સીરપુર વાધારીમાં કર્યું. ત્યાંથી વિહાર કરી બુરાનપુર તીર્થની યાત્રા કરી મુંબઇ ગયા.

ત્યાંથી મહારાજશ્રી સાથે સુરત તરફ ગયા, જ્યાં મહારાજશ્રીનો સ્વર્ગવાસ થયો. ત્યાર પછી પન્યાસજીશ્રી હર્ષમુનિજી સાથે સુરત ચોમાસું કરી પાલીતાણા તીર્થે દેવમુનિજી સાથે

ગયા. ત્યાંથી માંડળ થઈ પાછા સંખેશ્વર, ભોંયણી, રાધનપુર, પાટણ વિગેરે યાત્રા કરી પાછા પાલીતાણે ચોમાસું કર્યું. ત્યાંથી તીર્થયાત્રા કરતા કરતા અમદાવાદ આવી ભરૂચ તરફ આવતાં પન્યાસજીશ્રીની સાથે મુંબાઈ આવી બે ચોમાસાં તેમની સાથે કર્યાં. ત્યાર પછી સમેતશીખર તીર્થયાત્રા માટે સંઘ સાથે નીકળી અંતરીક્ષ તીર્થની યાત્રા કરી આકોલે યાત્રા કરી બાલાપુરમાં રંગમુનિ સાથે ચોમાસું કર્યું. મુંબઈમાં પોતાના લઘુબંધુ જેનું નામ વ્રજલાલ હતું. જેનો રાગ સંસાર ઉપરથી ઘણા વખતથી ઉઠી ગયો હતો પણ નાની વય હોવાથી અયોગ્ય જાણી રજા આપતા નહોતા, છતાં પણ નાનું તો પણ સિંહનું બચ્ચું જાણી દિક્ષાને યોગ્ય જાણી ગુરૂવર્યે દિક્ષા આપી હતી. અને પન્યાસજીશ્રીએ તેને ક્ષમામુનિજીના શિષ્ય તરીકે વાસક્ષેપ નાંખી વિનયમુનિ નામ આપ્યું હતું. તે પણ સાથે બાલાપુરમાં ચોમાસું હતા. ત્યાર પછી ચોમાસું ઉતરે આકોલે આવી સંઘ સાથે સમેતશીખર તીર્થની યાત્રા માટે વિહાર કરે છે. આ મુનિરાજની હાલ ઉમર લગભગ બાવીસની છે છતાં પણ સુક્ષ્મબુદ્ધિ હોવાથી તથા લાગણી એક સરખી હોવાથી વ્યાકરણ, કાવ્ય, અલંકારાદિ અભ્યાસ સારો કરી સૂત્રાદિ ગુરૂગમથી વાંચી વ્યાખ્યાન સમયે પ્રસંગોપાત પાટને દીપાવે છે. જેનો અનુભવ મુબઈ, બાલાપુર તથા બીજાં શહેરોને પણ થયેલો છે.

આ ઉપરના મુનિરાજોમાં કાંઇને કાંઇક અધિક ગુણ હોવાથી તેમનું થોડું વર્ણન લખી હવે પછીના મુનિરાજોનાં ચરિત્રોમાં વિશેષ જાણવા જેવું કંઈ ન હોવાથી નામ જન્મભૂમિ દિક્ષા ઇત્યાદિ લખી જણાવ્યું છે.

માણેકમુનિ. જન્મભૂમિ પાલણપુર, દિક્ષા મુબઈ, દિક્ષા તિથિ ફાગણ વદ ૭ સં. ૧૯૬૦, પન્યાસજીશ્રી હર્ષમુનિના શિષ્ય.

કર્પુરવિજય. જન્મભૂમિ જામનગર, દિક્ષા મુંબઈ, આત્મા-

રામજી મહારાજના શિષ્ય, જયવિજયજીના શિષ્ય, જ્ઞાનવિજયજીના શિષ્ય.

ક્ષાંતિમુનિ. જન્મભૂમિ વઢવાણ, દિક્ષા પાલીતાણા, દિક્ષા તિથિ સં૰ ૧૯૬૫ માગસર સુદ ૧૦, ભક્તિમુનિના શિષ્ય.

પ્રતાપમુનિ. જન્મભૂમિ વાવડી મોટી, દિક્ષા નવસારી કાલીયાવાડી, તિથિ સં. ૧૯૬૨ અસાડ સુદ ૮, જયમુનિજીના શિષ્ય.

વિનયમુનિ. જન્મભૂમિ હથોડા, દિક્ષા મુંબઈ, તિથિ સં. ૧૯૬૬ મહા સુદ ૯, ક્ષમામુનિના શિષ્ય.

કનકમુનિ જન્મભૂમિ નાટોલી દક્ષિણ ને તોરા મારવાડ દિક્ષા તિથિ વૈશાખ સુદ ૬ શનિ, પદ્મમુનિના શિષ્ય.



જૈન પ્રતિમા અને વાળાકુંચી.

જૈનોમાં અરિહંત પ્રભુને અનેક ઉત્તમ ગુણોથી વિબુધોએ સ્તવ્યા છે તેમાંના કેટલાક ગુણો નમુત્થુણંમાં ચતુર્વિધ સંઘ રાત્રદિવસ ભણે છે અને જેઓની બુદ્ધિ વિશાળ છે તેમને, તે દરેક પદ બોલતાં અર્થ સાથે ચિંતવન કરતાં અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે.

જૈનોમાં આત્મા એકાત્મ નિર્મળ છે કે એકાંત મલિનતાથી જોડાયેલ છે તેવું ન માનતાં કથંચિત મલિનતાથી મળેલો માનેલો છે અને તે મલિનતાથી આત્મામાં ક્રોધાદિક કસાયો તથા ઇંદ્રિઓની લોલુપતા ઉત્પન્ન થાય છે. આ મલિનતાનું ઉત્પાદક મોહનીય કર્મ છે. અને આઠે કર્મ સાથે મુખ્ય આ કર્મ અનાદિકાળથી લાગેલું હોવાથી આઠે કર્મને પુષ્ટિ કરનારૂં અને ચાર ગતિમાં રખડાવનારૂં હોવાથી તેનો નાશ કરવાની પ્રથમ જરૂર છે અને તેટલા માટે એવા પ્રબળ આધારની જરૂર છે કે જેણે મોહ નાશ કર્યો છે. અને નાશ કરવાના માર્ગનો ઉપદેશ કર્યો છે. તે આધારને જૈનોમાં અરિહંતના નામથી ઓળખાવ્યા છે. અને તેમનાજ કેટલાક મુખ્ય ગુણો "નમુથ્થુણં" માં બતાવેલા આપણે ઉપર કહી ગયા છીએ. આ અરિહંતના એક પણ ગુણને જો ન બોલીએ તો અન્ય દર્શનીએ માનેલા દેવનો સંબંધ થઇ તેને લાગુ પડી જાય એવું લલિત વિસ્તરા ગ્રંથમાં શ્રીમાન્ હરિભદ્રસુરિએ સિદ્ધ કર્યું છે.

આ આધારભૂત અરિહંત આગળ નમુથ્થુણં કે ચૈત્યવંદન કે સ્તવન કે સ્તુતિ કે સ્તોત્ર ગાવું હોય તો આ ક્ષેત્રના અરિહંતો સિદ્ધ થઈ ગયા છે અને તે સિદ્ધો કેવળજ્ઞાન વિના

નજરે આવતા નથી. તેમ મહા વિદેહ ક્ષેત્રમાં રહેલા જિનેશ્વર સીમંધર સ્વામી વિગેરેને જોવા માટે આપણુને અવધિજ્ઞાન નથી 'જેથી 'શાસ્ત્રમાં વર્ણવેલા શાંત મુદ્રાદિ ગુણો દૈત વીરપ્રભુથી પૂર્વે થયેલા ૨૩ તીર્થંકર સુધાં ચોવીસ પ્રભુની તથા સીમંધર સ્વામિની પ્રતિમાઓ સારા સલાટો પાસે સુશ્રાવકોએ બનાવી પ્રતિષ્ઠિત પુરૂષો પાસે અંજનશલાકા પ્રતિષ્ઠાદિ વિધિ શાસ્ત્રાનુસાર કરાવી મંદિરોમાં સ્થાપન કરવામાં આવી છે. આવાં મંદિરો ઘણા ભાગે દરેક ગામોમાં કે શહેરોમાં મોહલ્લે. મોહલ્લે શ્રાવકની વસ્તિવાળા ભાગોમાં છે એટલુંજ નહિ પણ પહાડોના એકાંત ભાગોમાં મુસ્કેલીથી જવાય તેવી જગ્યામાં શાંત રીતે જિનેશ્વરનું ધ્યાન ધરાય માટે શત્રુંજ્ય, ગિરનાર, આબુ, સમેતશિખર, અષ્ટાપદ વિગેરે પહાડોમાં પણ કરોડો રૂપિયા ખર્ચી બારીક નકશીવાળાં આરસ પત્થર વિગેરેનાં બંધાવેલાં છે. અને હજારો વરસનાં જાણે આજે બંધાવેલાં હોય તેવાં માલુમ પડે છે.

આ સઘળું કરવાનું કારણ એકજ છે કે "અરિહંતનું દરપળે સ્મરણ આપણા હૃદયમાં રહે અને તે સ્મરણનો સાક્ષી આત્મા એવી રીતે હોવો જોઇએ કે દર પળે એ અરિહંતના નિર્મળ ગુણોનો અંશ પોતાનામાં ગ્રહણ કરતો હોવો જોઇએ. જો તે હેતુ પાર ન પડયો, ક્રોધાદિકનું અને ઇંદ્રિયની લોલુપતા કિંચિત પણ ઓછી ન થઈ તો તેટલો કાળ મંદિર કે તીર્થમાં ગયા તે વ્યર્થ જેવો છે" કારણકે નદીમાં જઇ ન્હાયા પછી પણ કાદવ અંગપર તેટલોજ કાયમ રહે તો ન્હાયાથી શું ?

કોઇ કહેશે કે આ પ્રતિમા વિના પણ ચાલી શકશે, કારણ કે પ્રતિમા જિનેશ્વર માફક ઉપદેશ આપતી નથી તેમ તે પ્રતિમાના આરંભમાં જૈન ધર્મ એકાંત દયામય છે તેનું ઉલ્લંઘન થાય છે. શ્રાવકોને ઉપદેશ કરનારા સાધુ મન વચન

કાયાથી હિંસાના પચ્ચખાણુ કરનારા હોવાથી તેમને દોષ લાગવા સંભવ છે માટે મૂર્તિ કે મંદિરની કાંઈ જરૂરં નથી, ગમે ત્યાં નિર્વઘ જગ્યાએ એકાંતમાં બેસી ધ્યાન ધરી કષાયાદિ શત્રુઓ ઓછા કરીએ તો વધારે સારૂં.

આ પ્રશ્નનો ખુલાસો એટલોજ છે કે સાધુ અને શ્રાવક બંને જો કેવળજ્ઞાની હોય તો પ્રતિમાની જરૂર નથી તેમ વીર પ્રભુ વિગેરેને જો વ્યવહારનયથી તારક ન માનતા હોય અને એકાંત આત્મા નિર્મળ માનતા હોત અને બાહ્ય ક્રિયા, વીતરાગનું ભાવપૂજન, દ્રવ્યપૂજન, શ્રાવકને તથા ભાવપૂજન સાધુને કરવાનું ન હોત તો પછી મૂર્ત્તિની જરૂર નથી એમ માની લેત, પણ કેવળ જ્ઞાન નથી. આત્મા મલિન છે અને મલિનતાને બાહ્ય ક્રિયાથી અભ્યંતર ક્રિયાને દ્રવ્ય ભાવથી ઉત્પન્ન કરતાં તેના વડે આત્મા નિર્મળ થવાનું આપણે વીતરાગ શાસ્ત્ર પ્રમાણે માનીએ છીએ. પણ સામે નજર તરફ આલંબન વિના કેના આગળ ગુણ ગાવા તે વિચારવાનું છે. જો કે મૂર્ત્તિ નહિ માનનારા દિશાનું આલંબન લે છે પણ દિશામાં ચર્મ ચક્ષુથી મંદિર સ્વામી વિગેરે દૂર હોવાથી દેખાતા નથી અને વચમાં બીજું કંઇ આવી જાય તો તેમાં ચિત્ત ખેંચી જાય એ આપણે જાણીએ છીએ. જેમ યાદ નહિ રહેનારને ગુરૂ પાસે બેસી ગોખાવે પણ ગુરૂ ન હોય તો પાછો શિષ્યને કાગળપર લખાવી આપે, તો શિષ્ય બેઠો બેઠો ગોખ્યા કરે તો કાગળ લખેલો બોલ્યા વિના પણ યાદ કરાવે છે. તેમ આ વીતરાગને ભૂલી જતો પ્રમાદિ જીવ પાછો જિનમૂર્તિને દેખી પાછો વીતરાગ થવા ચાહે છે, એટલુંજ નહિ પણ મોહ દશામાં શાતાવેદનીય સુખમાં એકાંતલીન થએલા દેવોને અવધિ જ્ઞાનથી સાક્ષાત મંદિર સ્વામીને જોવાતા છતાં પણ નજીકમાં પ્રતિમા શાસ્વતી

પ્રમાદ દૂર કરી વીતરાગની પૂજા કરવા માટે અનાદિ કાળથી ત્યાં રહેલી છે. તેમ દેવ માફક રિદ્ધિ પામેલા ભવ્ય શ્રાવકોને તેવો પ્રમાદ નડતાં વીતરાગથી વિમુખ ન થાય માટે પ્રાસાદમાંજ એક ઓરડો કાઢી ઘર દેહરાસર સ્થાપવાનો અનાદિ કાળનો રીવાજ છે અને જો આરંભનું બાનું કાઢવામાં આવે તો પછી ઉપાશ્રય અને જ્ઞાન ભંડાર કે પુસ્તક માત્ર લખવાં, લખાવવાં, છાપવાં, છપાવવાં, બધાં આરંભનાં કારણો છે અને તે જો બંધ કરીએ તો જૈન જેવા મૂર્ખ દુનિયામાં કોઈ ન ગણાય; માટે મૂર્ત્તિ અને પુસ્તકની જરૂર છે. પણ કારણ વિના વિશેષ પ્રકારે વિધિથી વિરૂદ્ધ જઈ આરંભ કરવાનો શ્રાવકે વિવેક રાખવાનો છે અને તેટલા માટેજ શ્રાવકે દરેક કામ ધાર્મિક પણ યત્નાથી કરવાનું છે. આટલું કહી હવે તે મૂર્ત્તિનો બીજો ફાયદો બતાવીશું.

વીતરાગના નિર્વાણ મહોત્સવમાં આવેલા દેવો તથા ઇંદ્રો શબ બળી રહ્યા પછી બાકી રહેલી દાઢો તથા હાડકાં લેઈ જઇ દેવલોકમાં પૂજે છે તેથી વીતરાગની કંઈ પણ ચીજ આપણને મળતી નથી તેથી હમણાં નીકળેલાં બુદ્ધ મહાત્માના હાડકાં માફક જિનેશ્વરનું કશું મળે તેવું નથી તોપણ તે કાર્ય વીતરાગની મૂર્ત્તિ ઉપરના લેખ તથા મંદિરમાં પ્રતિષ્ઠાના લેખ અથવા અમુક આકારની પ્રતિમા એમ જૈન ધર્મની પ્રાચીનતાને બતાવવા તે તે પ્રતિમાઓ જુના ગ્રંથ માફક બહુ ઉપયોગી છે જેથી જેમ જુની પ્રતિમા તેમ ઐતિહાસિક વિદ્વાનોનો તેના ઉપર વધારે ચાહ રહે છે પણ જો વાળા કુંચીના ઘસારાથી તેને રોજ ઘસ્યા કરીએ તો દોરડાંથી જેમ કાળા પાકા પત્થરા પણ ઘસાઈ જાય, એવું નજરે જોનારા આપણને જિન પ્રતિમાના લેખને કે જિન પ્રતિમાના અંગને કેમ નુકસાનનો વિચાર નહિ થાય. અને

ઘણા બંધુઓએ તે જોયું પણ હશે કે લેખો તથા પ્રભુનાં લાંછન ઘણાં ઘસાઈ ગયાં છે, પ્રતિમાઓ જીર્ણ થઈ અમુક ભાગોમાં નબળી પડવાથી પૂજા કરતાં તૂટી ગયેલી માલુમ પડતાં કાંતો ભંડારી દેવામાં આવે છે કે પછી સાંધો કરવામાં આવે છે પણ તેમાં શું નુકસાન છે તે તપાસીયે. જો ભંડારી દઇએ તો જૂની પ્રભાવિક પુરૂષોથી પ્રતિષ્ઠિત પ્રતિમા રદ થઈને તેવી નવી થવી દુર્લભ છે અને જો સાંધો કરી બેસાડીએ તો દૃષ્ટિ મીલાવેલી ફરી જાય એટલા માટે વાળાકુંચીનો ઉપયોગ કરવો ઘણો નુકસાન કર્ત્તા છે.

ફક્ત ધાતુની પ્રતિમામાં વિશેષ કારીગરી હોવાથી અંદર કેસર ભરાઈ રહ્યું હોય તો પછી કાઢતાં મુસ્કેલ પડે તો તે ધીમેથી વાપરવી. ત્યાંપણ બહુ સંભાળ રાખવાની છે.

પાષાણની કે ધાતુની પ્રતિમા ઉપર તો પંચામૃત કરતાં મુખ્યત્વે તે પંચામૃતના ગુણના લીધેજ મેલ દૂર થઈ જાય છે અને પાછા સાદા નિર્મળ પાણી વડે ધોઈ સારા કપડાથી સાફ કરતાં નિર્મળ થઇ જાય છે સાથે ચાંદીની કે તાંબાની સળી વાપરવી. મુખ્ય પૂજા ચંદનની છે અને તે ઠંડું છે, પણ કેસરની શોભાથી કેસર વધારે વપરાતું હોવાથી પ્રતિમાને નુકસાન ન થાય માટે રૂપાનાં ચકતાં ચોડવામાં આવે છે પણ તે ચકતાં ચોડતાં કે ચક્ષુ ચોડતાં જે રાળ ગરમ કરી ચોડવામાં આવે તે કરતાં ઠંડીજ ઘી વિગેરેમાં ગુંદીને લગાવવી તે વધારે સારૂં છે, તેમ પ્રતિમા ઉપર માથે કારીગરીના મુગટ રાખતાં નીચે ધાર હોવાથી માથાને નુકસાન થાય છે. શોભાને માટે આંગી કરતાં ગમે તે પદાર્થનો અંગપર લેપ કરી ગમે તે ચોડતાં પ્રતિમાના અંગને નુકશાન થવા સંભવ છે માટે ફક્ત ચંદનનો લેપ કરી તેમાં જ જો રમણિક પદાર્થ ચોડાય તો સારૂં.

ઘણા નજીક દીવા રાખવાથી કે ખુલ્લા રાખવાથી કે એક-દમ નજીક ધૂપ લઈ જવાથી નુકસાન છે તે વિચારવું. અ-મૂલ્ય પ્રતિમાં હીરાથી પણ મોંઘી કીમતની ભાડુતી પૂજારી-ઓને એકદમ સંખ્યાબંધ સોંપી દેવાય અને થોડા વખતમાં પૂજા સમેટી લેવાય તો પછી ઉપરની લખેલી હકીકત નિ-રર્થક જવાની. માટે વાંચનાર બંધુઓ આ વિચારી પ્રતિમાને વાળાકુંચીથી, કે કપડાના ઘસારાથી ગમે તેમ ઘસારા પડે તેમ ન પડવા દેઈ સંભાળ રાખવી.

જેમ જેમ પ્રતિમાની અમૂલ્યતા વિચારાશે તેમ તેમ પૂજામાં વધારે ભાવ આવશે અને વધારે સંભાળથી પૂજા થશે. જેઓ આ વાંચવાથી અજાણ્યા હોય તેમને મી-ઠાશથી, ધીરજથી, મૂર્ત્તિની અમૂલ્યતા બતાવી તેમની પાસે પણ સંભાળ રખાવશો. સોનાનો ભૂકો ખરતાં જેમ સંભાળી લેવાય છે, પણ પ્રતિમાના ઘસારાનો ભૂકો કશા કામે લાગે નહિ માટે બહુ સંભાળથી પૂજન કરવું. આ બાબત વધારે ખુલાસો પૂજ્ય મુનિવરો પાસે કે ચારિત્રવિજયજીકૃત વ્યાખ્યાન સંગ્રહ વાંચવા ભલામણ છે.

અમારી ઓફીસમાંથી મળતાં પુસ્તકો.

	રૂ. આ. પા.
૧ સદ્બોધચિંતામણી તથા ગુણમાળા.	૦—૨—૦
(ગુણમાળા માટે પુજ્યવર્ય શ્રી બુદ્ધિસાગર મહારાજે ઉચ્ચ અભિપ્રાય આપ્યો છે.)	
૨ સકામનિર્જરા અને નારીહીતશિક્ષા.	૦—૨—૦
સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક ઉત્તમ શૈલીથી આ પુસ્તક મુનિ માણેકની કસાયલી કલમથી લખાયેલ છે. ઉપર જણાવેલાં એ પુસ્તકો સાથે લેનારને ત્રણ આના.	
૩ સતિ શીયળવતી. (આવૃત્તિ બીજી)...	૦—૪—૦
૪ માણેકમાળા.	૦—૧—૦
૫ વિશ્વાનુભવ અને દર્પણ શતક. ...	૦—૧—૬
૬ ચંપકશ્રેષ્ટી ચરિત્ર.	૦—૨—૦

ઉપર લખેલાં છ પુસ્તકો સાથે લેનારને હર્ષમુનિ આદિ મુનિરાજોનાં જીવનચરિત્ર ભેટ આપવામાં આવશે.

દરેકનું પોષ્ટ ખર્ચ જુદું સમજવું. નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

તા૦ ક૦ જથાબંધ પુસ્તકો લેનારને કમીશન સારૂ આપવામાં આવશે. વિશેષ ખુલાસો પત્ર વ્યવહારથી કરવો.

શ્રી જૈન મિત્રમંડળ.

માંડળ—(તા. વીરમગામ.)

જાહેર ખબર.

થોડાજ વખતમાં બહાર પડશે.

(પંડિત શ્રી મોહનવિજયજીના રાસ ઉપરથી)

જમાનાને અનુસરતી નોવેલની પદ્ધતીથી લખાયેલ

સતી નર્મદા ચરિત્ર.

પુરૂષો તેમજ સ્ત્રીઓ ઉભયને વાંચવા તથા વિચારવા યોગ્ય આ પુસ્તક પ્રાધાન્યતાથી શીયળ–ધર્મ–પ્રશંશક છે. યથોચિત સમ્યક્ ધર્મની ઓળખાણ, પતિવ્રતા સ્ત્રીઓના નિત્ય નિયમો, કર્મવશાત્ આવી પડતા સંકટોમાં પણ આ મહા સતીનું અપૂર્વ ધૈર્ય, અને શીયળ રક્ષણનો અદ્ભૂત પ્રયત્ન, શીયળનો જાગતો પ્રભાવ, પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રનું મહાત્મ્ય વિગેરે વિગેરે રસિક તેમજ હિતકર વિષયોથી ભરપૂર આ પુસ્તક દરેક જૈન ભાઇઓ તથા બહેનોએ અવશ્ય ખરીદવા યોગ્ય છે. વળી પોતાને છેહ દેનાર પતિનું પણ આ મહા સતીએ મન, વચન, તથા કાયાથી કેવી રીતે હિત કર્યું છે તે પ્રસંગ તો ખાસ દરેક બહેનોને ધડો લેવા લાયક છે માટેજ સ્ત્રીઓએ તો ખાસ વાંચવા જેવું છે. સર્વને વિજ્ઞપ્તિ કે આશ્રયાર્થે અગાઉથી ગ્રાહક થઇ ઉત્તેજન આપશો. અસ્તુ!

લખો:—

શ્રી જૈન મિત્રમંડળ,

માંડલ–(તાલુકે વિરમગામ.)

ઉપદેશ ચિંતામણિ, પ્રબોધ ચિંતામણિ, જૈન કુમાર સંભવ કાવ્ય વિગેરેના કર્તા

જયસેખર સૂરીશ્વર કૃત

ધમિલકુમાર ચરિત્ર.

(પ્રથમ ભાગ.)

નૉવેલ રૂપે ભાષાંતર

શ્રીમન્ મુનિ માણેકે કરેલું છે. સૂરિ મહારાજની ઉત્તમ કૃતિઓમાંનું આ પણ એક ખસૂસ લક્ષપૂર્વક વાંચી મનન કરવા જેવું પુસ્તક છે. બીજાઓ આની મૂળ પ્રત પાંચ રૂપીયે વેચે છે, કે જે પ્રથમ ત્રણ રૂપીયે વેચાતી હતી. અમારો વિચાર થોડા નફે વાંચનનો ફેલાવો કરવાનો હોવાથી અમે તેની જુજ કિમત રાખી છે. અગાઉથી આશ્રય આપવો એ દરેક જૈનબંધુનું કર્ત્તવ્ય છે.

તા. ક. ઓર્ડર આપો. નફો જ્ઞાનખાતામાં જાય છે. એક પંથ દો કાજ. ઉપરનું પુસ્તક અમારા તરફથી થોડા દિવસમાં બહાર પડશે તો અગાઉથી ગ્રાહક થઇ અમારા સાહસને ઉત્તેજન આપો.

લખો:—શ્રી જૈન મિત્રમંડળ,

મુ. માંડલ.

(તા. વીરમગામ).